વચનામૃતમાં એકાંતિક ધર્મ





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી
આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે.
જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી
આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.
ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી.
સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો
વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.
સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે.
ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય,
વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી
માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે.
રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ
તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઇડ્સ અને પર્યાવરણ જેવી
સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.),
ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા)
વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને
માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.
ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું
નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય
મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ,
વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

વચનામૃતમાં એકાંતિક ધર્મ

લેખક
સાધુ પ્રભુચરણદાસ
ષડ્દર્શનાચાર્ય, વિદ્યાવારિધિ (Ph.D.)

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUTMA EKANTIK DHARM (Gujarati Edition)

By Sadhu Prabhucharandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 7,000

ISBN: 978-81-7526-946-0

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂા. ૧૬-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂા. ૨૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્‌ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઈતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો. એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઈતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્‌ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે. સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના

લેખક પ્રભુચરણદાસ સ્વામીનો હાર્દિક આભાર માને છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

ક્રમિકા

૧

શ્રીહરિ પ્રાગટ્ય પ્રયોજન

સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ કાઠિયાવાડના કારિયાણી ગામે વિરાજમાન હતા. યોગીન્દ્ર ગોપાળાનંદ સ્વામી વિદ્વદ્‌નગરી વડોદરાથી પધાર્યા.

શ્રીહરિ કહે: 'સ્વામી ! સુખી છો ને ?'

ગોપાળાનંદ સ્વામી નત મસ્તકે નમ્રતાથી કહે: 'હા, મહારાજ ! આપની અમીદષ્ટિથી આનંદ છે.'

આ સાંભળી વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી કહે: 'શહેરમાંથી આવે છે, તેથી સુખી તો હોય જ ને ?' એમ રમૂજ કરી.

ત્યારે અંતર્યામી શ્રીહરિ વૈરાગી નિષ્કુળાનંદ સ્વામીને કહે: 'સ્વામી ! એમને શહેર બાધ કરે એમ નથી. તે તો શહેરમાં વન સર્જે એવા પ્રતાપી પુરુષ છે.'

નિષ્કુળાનંદ સ્વામી આ સાંભળી અવાક્ બની ઊભા રહી ગયા.

પછી સાંજે ભગવાન સ્વામિનારાયણે એકાંતમાં એકલા ગોપાળાનંદ સ્વામીને ઓરડીમાં બોલાવ્યા અને સદા સાથે રહેનારા શુકમુનિ સ્વામીને ઓરડીમાંથી બહાર જવા કહ્યું. આ નિહાળી શ્રીહરિ કંઈક વિશેષ વાત કરવાના હશે એમ જાણી નિષ્કુળાનંદ સ્વામી અંદર ગયા, તો શ્રીહરિએ એમને પણ બહાર જવા કહ્યું અને કૂંડીના કાર્ય પર ધ્યાન આપવા જણાવ્યું. પછી બારણાં બંધ કરાવ્યાં. નિષ્કુળાનંદ સ્વામી જાણવા ઉત્સુક હતા. તેથી બારણે કાન દઈને બેઠા. સર્વાવતારી શ્રીહરિએ ભાવથી અક્ષરમુક્ત ગોપાળાનંદ સ્વામીને પોતાના

પ્રાગટ્યના છ હેતુ જણાવ્યા. એમાંના બે હેતુ હતા – આ પૃથ્વી પર એકાંતિક ધર્મનું પ્રસ્થાપન કરવું અને એકાંતિક ધર્મના ધારક પરમ એકાંતિક સત્પુરુષ દ્વારા સદાય પ્રગટ રહી અનેક જીવોને અક્ષરધામના અધિકારી બનાવવા.

નિષ્કુળાનંદ સ્વામી સહસા દ્વાર ખોલી નમ્રતાથી અંદર આવ્યા અને કહે: 'ખૂટતી કડી મળી ગઈ!'

શ્રીહરિ કહે: 'કઈ?'

ત્યારે નિષ્કુળાનંદ સ્વામી કહે: ''પુરુષોત્તમપણાની! હું ગુરુ રામાનંદ સ્વામી પાસે ભુજનગર ગયેલો ત્યારે મેં પૂછેલું: 'આ નીલકંઠવર્ણી કેવા મોટા છે?' ત્યારે રામાનંદ સ્વામીએ કહેલું: 'લાલજી! તમને આજે નહીં મનાય, પરંતુ આ વર્ણી સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. અમારા જેવા અનંત એમની પાસે ગણતરીમાં નથી.''

તેથી વૈરાગી કવિવર નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિ ગ્રંથમાં લખ્યું –

સમર્થ છો તમે શ્રીહરિ, સર્વોપરી સર્વાધાર,
મનુષ્યતન મહાજ્ઞાનધન જનમન જીતનહાર.

(ભક્તચિંતામણિ: ૧/૧૭)

આમ, તેમણે ભગવાન સ્વામિનારાયણની સર્વોપરીપણાની ઓળખાણ કરાવી અને ભક્તચિંતામણિમાં પ્રકરણના અંતે લખ્યું છે : 'ઇતિ શ્રીમદેકાંતિક-ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદ સ્વામી.' આમ, 'શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક' સાર્થક વિશેષણ પ્રયોજી, શ્રીહરિનો હૃદગત અભિપ્રાય ઉજાગર કર્યો.

શ્રીહરિ એકાંતિક ધર્મનું પ્રસ્થાપન અને પ્રવર્તન કરવા માટે જ આ ધન્ય ધરા પર પ્રગટ થયા હતા. સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણનું આ પરમ અને ચરમ કાર્ય હતું. તેથી જ તેમણે પોતાની હયાતીમાં ભારતીય સનાતન શાસ્ત્રોમાં સચવાયેલો એકાંતિક ધર્મ ઉજાગર કર્યો અને તેને વિધિવત્ પુનઃ પ્રસ્થાપન કરી, પરમ તેજસ્વી સૂર્ય અને શીતળ શાંત રશ્મિયુક્ત ચંદ્રની હયાતી સુધી, પરમ એકાંતિક સંત દ્વારા પૃથ્વી પર પ્રગટ રાખવાનો કોલ આપ્યો. અનંત માયામય જીવો પર પરમ દયાવંત શ્રીહરિના પ્રાગટ્યનું આ પરમ પ્રયોજન હતું.

૨

સત્શાસ્ત્રોનો સાર વચનામૃત

સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણે વિવિધ સ્થાનોમાં ઉદ્‌બોધેલાં શ્રીમુખનાં વચનામૃતો સત્શાસ્ત્રોના પરમ રહસ્યરૂપ ને સારરૂપ છે.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮માં કહે છે:

"આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે." તો વળી વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧માં કહે છે: "વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વે ગ્રંથનો એ જ ગલિતાર્થ છે. આ જે અમે વાત કરી છે તે સર્વે શાસ્ત્રનું રહસ્ય છે."

શ્રીહરિનાં દિવ્ય વચનામૃતો કેવળ સત્શાસ્ત્રોનાં પરમ રહસ્યરૂપ, સારરૂપ, ગૂઢાર્થને દર્શાવનારાં, ગલિતાર્થનું ગુંજન કરનારાં, ભાવાર્થને ભણી બતાવનારાં કે વ્યંગાર્થને વાસ્તવિક રીતે રજૂ કરનારાં જ નથી, પરંતુ સ્વાનુભવથી સિદ્ધ કરેલાં, વર્તનથી અજમાવેલાં અભૂતપૂર્વ પણ છે.

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૯માં કહે છે:

"આ વાતને અમે કરીએ છીએ તે કાંઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા તથા સિદ્ધાઈ જણાવવા સારુ નથી કરતા; આ તો અમારી અજમાવેલ વાત છે ને જેમ અમે વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ."

આમ, શ્રીહરિનાં પરમ પાવનકારી વચનામૃતો સત્શાસ્ત્રોના સારરૂપ

અને વર્તનથી વિશુદ્ધ થયેલાં જીવનદોરીરૂપ છે. તેથી આધ્યાત્મિક માર્ગમાં મુમુક્ષુએ જે સમજવાનું છે, પામવાનું છે, તેનો પરમ સાર છે.

3

વચનામૃતનું તાત્પર્ય એકાંતિક ધર્મ

સર્વાવતારી શ્રીહરિની પરાવાણીરૂપ વચનામૃતમાં અનેક વાતો જુદાં જુદાં સમયે-સ્થળે, વિવિધ પ્રકારની વ્યક્તિઓને અનુલક્ષીને કરેલી છે, પરંતુ દરેક વાતમાં શ્રીહરિ એકાંતિક ધર્મનું બીજ લાવે છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૬માં વિવેકની વાત કરે છે, તેમાં કહ્યું : ''જેણે કરીને પોતાને બંધન થાય અને પોતાને એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવા જે પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે અને તેથી છેટે જ રહે અને તેના બંધનમાં આવે નહીં... એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે, તેને વિવેક છે.''

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧માં ભગવાનની અતિશય પ્રસન્નતાનાં સાધનો બતાવે છે, તેમાં પણ એકાંતિક ધર્મને આગળ ધર્યો કે – ''ચાર સાધને કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે. અને એ જે ચાર સાધન તેને એકાંતિક ધર્મ કહીએ.''

દયાળુ શ્રીહરિનાં વચનામૃતોમાં માનવજીવનનાં અનેક પાસાંઓને અનુલક્ષીને વાતો કરેલી છે, પરંતુ જેમ સોયની પાછળ દોરો સોંસરો ચાલ્યો આવે તેમ દરેક વાતમાં બીજરૂપે એકાંતિક ધર્મની વાત આવે છે.

૪

એકાંતિક ધર્મની વ્યાખ્યા અને સ્વરૂપ

એકાંતિક ધર્મની વ્યાખ્યા ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં જુદી જુદી આપેલી છે. જેમ કે, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧માં કહ્યું: "જે હરિભક્તના મનમાં ભગવાનને અતિ પ્રસન્ન.... કરવાનો તો એ ઉપાય છે જે, પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તેને વિષે અચળ નિષ્ઠા તથા આત્મનિષ્ઠાની અતિશય દૃઢતા તથા એક ભગવાન વિના બીજા સર્વ પદાર્થને વિષે અરુચિ તથા ભગવાનને વિષે માહાત્મ્યે સહિત એવી નિષ્કામભક્તિ, એ ચાર સાધને કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે. અને એ જે ચાર સાધન તેને એકાંતિક ધર્મ કહીએ."

વળી, વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧માં કહ્યું: "ધર્મ તો બે પ્રકારનો છે, એક નિવૃત્તિધર્મ છે ને બીજો પ્રવૃત્તિધર્મ છે. તે એ બે પ્રકારનો ધર્મ તે ભગવાનના સંબંધે સહિત પણ છે ને ભગવાનના સંબંધે રહિત પણ છે. તેમાં ભગવાનના સંબંધે સહિત જે ધર્મ છે તે તો નારદ, સનકાદિક, શુકજી, ધ્રુવ, પ્રહ્‌લાદ, અંબરીષ એ આદિક જે ભક્તજન તેનો છે; અને એ ધર્મને જ ભાગવત ધર્મ કહે છે તથા એકાંતિક ધર્મ કહે છે."

શ્રીમત્સત્સંગિજીવન ગ્રંથમાં આ વાત વિશેષ દૃઢાવી છે:

प्रवृत्तश्च निवृत्तश्च धर्मो हि द्विविधो मतः।
द्वयोऽपि विष्णुसम्बन्धाद् भवत्येकान्तसंज्ञितः॥ (१/६७/२५)

'હે મુને! ધર્મ બે પ્રકારનો માનેલો છે, એક પ્રવૃત્તિધર્મ અને બીજો

નિવૃત્તિધર્મ; એ બેય પ્રકારનો ધર્મ ભગવાનના સંબંધ થકી એકાંતિક ધર્મ કહેવાય છે.'

આમ, સર્વોપરી શ્રીહરિ કોઈક જગ્યાએ ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધનોને એકાંતિક ધર્મ કહે છે, તો કોઈક જગ્યાએ ભગવાનના સંબંધે સહિત ધર્મને એકાંતિક ધર્મ કહે છે.

સંક્ષેપમાં પોતપોતાના વર્ણાશ્રમનો ધર્મ, જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ – આ પાંચ તત્ત્વોનું જ્ઞાન, વિષયોમાં વિરક્તિરૂપ વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાને સહિત ભગવાનની ભક્તિ એ જ ભાગવત ધર્મ છે, એ જ એકાંતિક ધર્મ છે.

૫

એકાંતિક ધર્મનાં અંગોની પરસ્પર અનિવાર્યતા

અનંત જન્મોથી ભવાટવીમાં ભટકતા માનવીનું પરમ અને ચરમ લક્ષ્ય છે – આત્યંતિક મુક્તિ. જ્યારે આત્યંતિક મુક્તિ થાય ત્યારે જ માનવ પરમ શાંતિનો અનુભવ કરી શકે. આત્યંતિક મુક્તિ માટે એકાંતિક ધર્મનાં ચારેય અંગોની પરસ્પર અતિ અનિવાર્યતા છે. કેવળ ધર્માદિ એક-એક અંગથી માનવ આત્યંતિક મુક્તિ પામી શકતો નથી.

શ્રીહરિ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૯માં વિસ્તારપૂર્વક આ વાત કરે છે:

"આ સત્સંગને વિષે પોતાના આત્યંતિક કલ્યાણને ઈચ્છતો એવો જે ભક્તજન તેને એકલી આત્મનિષ્ઠાએ કરીને જ પોતાનું આત્યંતિક કલ્યાણરૂપ કાર્ય સરતું નથી તથા એકલી પ્રીતિ જે પ્રેમે સહિત નવ પ્રકારની ભક્તિ કરવી તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી તથા એકલો જે વૈરાગ્ય તેણે કરીને પણ તે કાર્ય સરતું નથી તથા એકલો જે સ્વધર્મ તેણે કરીને પણ કાર્ય સરતું નથી; તે માટે એ આત્મનિષ્ઠા આદિક જે ચારે ગુણ તે સિદ્ધ કરવા. શા માટે? તો ચારે ગુણને એકબીજાની અપેક્ષા છે... તે કહીએ તે સાંભળો જે આત્મનિષ્ઠા તો હોય પણ જો શ્રીહરિને વિશે પ્રીતિ ન હોય તો તે પ્રીતિએ કરીને થઈ જે શ્રીહરિની પ્રસન્નતા તેણે કરીને જ પામવા યોગ્ય એવું મોટું ઐશ્વર્ય જે, 'માયાના ગુણે કરીને પરાભવ ન પમાય એવું મોટું સામર્થ્ય' તેને એ ભક્ત નથી પામતો; અને શ્રીહરિને વિષે પ્રીતિ હોય પણ જો આત્મનિષ્ઠા ન હોય

તો દેહાભિમાનને યોગે કરીને તે પ્રીતિની સિદ્ધિ થાતી નથી અને શ્રીહરિને વિષે પ્રીતિ અને આત્મનિષ્ઠા એ બેય હોય પણ જો દૃઢ વૈરાગ્ય ન હોય તો માયિક પંચવિષયને વિષે આસક્તિએ કરીને તે પ્રીતિ અને આત્મનિષ્ઠા તેની સિદ્ધિ થાતી નથી; અને વૈરાગ્ય તો હોય તો પણ જો પ્રીતિ અને આત્મનિષ્ઠા ન હોય તો શ્રીહરિના સ્વરૂપ સંબંધી જે પરમાનંદ તેની પ્રાપ્તિ થાતી નથી. અને સ્વધર્મ તો હોય તો પણ જો પ્રીતિ આત્મનિષ્ઠા અને વૈરાગ્ય એ ત્રણ ન હોય તો ભૂર્લોક, ભુવર્લોક અને બ્રહ્માના ભુવન પર્યંત જે સ્વર્ગલોક તે થકી બહાર ગતિ થાતી નથી, કહેતાં બ્રહ્માંડને ભેદીને માયાના તમ થકી પર એવું જે શ્રીહરિનું અક્ષરધામ તેની પ્રાપ્તિ થાતી નથી; અને આત્મનિષ્ઠા, પ્રીતિ અને વૈરાગ્ય એ ત્રણ હોય તો પણ જો સ્વધર્મ ન હોય તો એ ત્રણેની સિદ્ધિ થાતી નથી. એવી રીતે આત્મનિષ્ઠા આદિક જે ચાર ગુણ તેમને એકબીજાની અપેક્ષા છે.''

આ વચનામૃતમાં શ્રીહરિ ખૂબ ઊંડાણપૂર્વકનો મર્મ મૂકે છે. ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિને અન્યોન્ય આશ્રયપણું છે. ચારેયનું ચતુષ્ટ્ય જ આત્યંતિકી મુક્તિનું સાધન બને છે. એકલી ભક્તિ હોય ને અન્ય ત્રણ ગુણ ન હોય તો ભક્તિ ફળીભૂત થતી નથી. એવી જ રીતે, એ ત્રણે ગુણોને ભક્તિની આવશ્યકતા છે, કારણ કે ભક્તિ વિના માયાના ગુણો તેને પરાભવ પમાડે છે; પ્રકૃતિપુરુષથી પર ગતિ થતી નથી.

આમ, શ્રીહરિએ આ ચારે ગુણોનું આધિપત્ય એકસમાન દર્શાવ્યું છે.

૬
એકાંતિક ધર્મનાં અંગોની વિશેષ વિભાવના

સ્વવર્ણાશ્રમ ધર્મ, જીવાદિ પાંચ તત્ત્વોનું જ્ઞાન, ભગવાન સિવાય અન્ય પદાર્થમાં અરુચિરૂપ વૈરાગ્ય અને ભગવાનની માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ – આ ચારેય અંગોની વિશેષ વિભાવનાથી વાસ્તવિક જીવનમાં એકાંતિક ધર્મ આત્મસાત્ કરવામાં સુગમતા રહે તથા ખૂબ સહજતાથી જીવનમાં વર્તી શકાય.

૬.૧ ધર્મ

૬.૧.૧ ધર્મની વ્યાખ્યા

ભારતીય સનાતન સંસ્કૃતિના જ્ઞાનકોષ સમાન મહાભારતના શાંતિ-પર્વમાં બાણશય્યા પર સૂતેલા ભીષ્મપિતામહ ધર્મરાજ યુધિષ્ઠિરને ધર્મનું સાચું સ્વરૂપ ઓળખાવે છે :

धारणात् धर्ममित्याहुर्धर्मेण विधृताः प्रजाः ।
यः स्याद् धारणसंयुक्तः स धर्म इति निश्चयः ॥

(મહાભારત, શાંતિપર્વ : ૧૦૯/૧૧)

ધર્મનું નામ ધર્મ એટલા માટે પડ્યું છે કે બધાને ધારણ કરે છે. અધોગતિમાં પડતા બચાવે છે અને જીવનની રક્ષા કરે છે. ધર્મે જ બધી પ્રજાને ધારણ કરીને રાખી છે. એટલે જેનાથી ધારણ અને પોષણ સિદ્ધ થાય છે, એ જ ધર્મ છે, એવો ધર્મ જાણનારાઓનો મત છે.

आचारमेव मन्यन्ते गरीयो धर्मलक्षणम्।

(મહાભારત, શાંતિપર્વ : ૧૩૨/૫)

મહાન પુરુષો આચરણને જ ધર્મનું મુખ્ય લક્ષણ માને છે.

અનાજના કણ કણ વીણીને ખાનારા પરમ જ્ઞાની વૈશેષિક દર્શનના પ્રણેતા કણાદ મુનિ ધર્મની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે:

यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः।

(વૈશેષિકદર્શન ૧.૧.૨)

જેનાથી લૌકિક અને અલૌકિક સુખની સિદ્ધિ થાય છે તે ધર્મ.

શ્રીહરિએ સ્વહસ્તલિખિત, માનવજીવનની સંજીવની સમાન શિક્ષાપત્રીમાં ધર્મની અનોખી ટૂંકી વ્યાખ્યા કરી:

धर्मो ज्ञेयः सदाचारः श्रुति–स्मृत्युपपादितः। (શિક્ષાપત્રી - ૧૦૩)

શ્રુતિ-સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો.

૬.૧.૨ ધર્મનાં લક્ષણો

માનવજીવનની આચાર-સંહિતારૂપ મનુસ્મૃતિમાં ધર્મનાં દશ લક્ષણો બતાવ્યાં છે:

धृतिः क्षमा दमो स्तेयं शौचमिन्द्रियनिग्रहः।
धीर्विद्यासत्यमक्रोधो दशकं धर्मभक्षणम्॥

(મનુસ્મૃતિ : ૬/૯૧)

ધીરજ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇન્દ્રિયનિગ્રહ, બુદ્ધિ, બ્રહ્મવિદ્યા, સત્ય અને અક્રોધ, એ દશ ધર્મનાં લક્ષણો છે.

શ્રીહરિ વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦માં સંક્ષેપમાં કહે છે:

- "ધર્મવાળા જે માણસ હોય તે ચોરી તથા પરસ્ત્રીનો સંગ તથા ચાડીચુગલી એ આદિક સર્વે પાપનો ત્યાગ કરીને ને પરમેશ્વરથી ડરીને ધર્મમર્યાદામાં ચાલે છે, તેનો સંસારમાં જે પોતાનાં કુટુંબી હોય અથવા કોઈ બીજા હોય પણ તે સર્વે વિશ્વાસ કરે ને તે જે બોલે તે વચન સૌને સત્ય જ ભાસે અને એવા જે ધર્મવાળા હોય તેને જ સાચા સંતનો સમાગમ ગમે."

૬.૧.૩ ધર્મપાલનથી લાભ

ભગવાન સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં કહે છે:

ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् ।
सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ॥

(શિક્ષાપત્રી - ૮)

સત્શાસ્ત્રે પ્રતિપાદન કર્યા એવા જે સદાચાર, તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય આ લોક ને પરલોકને વિશે મહાસુખિયા થાય છે.

સંસારમાં અનેક દુઃખોથી માનવી ઘેરાયેલો છે, પરંતુ જો તે ધર્મનું પાલન કરે તો તેની સર્વ પ્રકારે રક્ષા થાય. 'धर्मो रक्षति रक्षितः।' (મનુસ્મૃતિ - ૮/૧૫). અનેક સાધનો તથા સગવડોની ઇચ્છા ધરાવતો માણસ ધર્મના પાલન દ્વારા બધી મહેચ્છાને પરિપૂર્ણ કરી શકે છે. વાલ્મીકિ રામાયણ એની સાક્ષી પૂરે છે:

धर्मादर्थः प्रभवति धर्मात् प्रभवते सुखम्।
धर्मेण लभते सर्वं धर्मसारमिदं जगत्॥

(વાલ્મીકિ રામાયણ, અરણ્યકાંડ - ૯/૩૦)

ધર્મથી અર્થ અને સુખ પ્રાપ્ત થાય છે. ધર્મથી બધું જ મળે છે. ધર્મના સારરૂપ આ જગત છે.

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૮માં શ્રીહરિએ આ વાત કરેલી છે : "જે વૈરાગ્યવાન ને ધર્મવાળો હોય તેને તો સર્વ ઇન્દ્રિયો નિયમમાં હોય અને તે સદાય સુખિયો હોય." અને "જો વચનને વિષે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે." (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૪)

રામાનંદ સ્વામીના તેરમા-ચૌદમાના દિવસે સભામાં શ્રીહરિ કહે છે:

'જે જે પામ્યા સુખ ને મોટાઈ રે, તે તો રહેતાં થકા ધર્મ માંઈ રે,
કહ્યું છે શ્રુતિ-સ્મૃતિમાં એમ રે, સત્ય ધર્મને મૂકાય કેમ રે.

(ભક્તચિંતામણિ: ૪૮/૧૨)

ધર્મપાલનથી સુખ-શાંતિ મળે છે, ભગવાનની પ્રસન્નતા થાય છે તથા પંચવિષયમાં રાગ ઓછા થાય છે. અને 'यतो धर्मस्ततो जयः' (મહાભારત, ભીષ્મપર્વ: ૬૬/૩૫). 'જ્યાં ધર્મ છે ત્યાં વિજય પણ છે.'

૬.૧.૪ ધર્મલોપથી ગેરલાભ

શ્રીહરિ શિક્ષાપત્રીમાં સ્પષ્ટ કહે છે કે –

तानुल्लङ्घ्यात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः।
त इहामुत्र च महल्लभन्ते कष्टमेव हि ॥

(શિક્ષાપત્રી - ૯)

'સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે તે તો આ લોક ને પરલોકને વિશે નિશ્ચય મોટા કષ્ટને પામે છે.' કારણ, મનુસ્મૃતિમાં કહ્યું: 'धर्म एव हतो हन्ति' (મનુસ્મૃતિ - ૮/૧૫). પાળ્યા વગરનો ધર્મ મનુષ્યને મારે છે. સ્થૂળ દૃષ્ટિએ આપણું મૃત્યુ ન થાય, પરંતુ દિવ્ય સત્સંગમાંથી આપણે પડી જઈએ, બાહર નીકળી જઈએ.

જેમ મહાજળમાં મગર, સાગર સહુને રાખે રે,
નાનાં મોટાં કરી રહે ઘર, કોઈને ન કાઢી નાખે રે.... ૧
પણ જિયાં લગી જીવ હોય, ત્યાં લગી તેમાં રહે રે;
વણ જીવે રહે નહીં કોય, લે'રે દૂર નાખી દહે રે.... ૨
હરિજનનું જીવન છે ધર્મ, પોતે પોતાનો પાળે રે;
તજે નહીં ભજે પરબ્રહ્મ, તો રહે તેમાં સદા કાળે રે.... ૩
વણ જીવે હોય નહીં વાસ, સતસંગ સિંધુમાંઈ રે;
કરવો નિષ્કુળાનંદ તપાસ, કહ્યું નથી કૂડું કાંઈ રે.... ૪

(ચોસઠપદી - ૪૪)

નિષ્કુળાનંદ સ્વામીએ આ પ્રમાણે ચોસઠપદીમાં ગાયું. માટે શ્રીહરિ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૧માં કહે છે: "મોટાપુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી." અને વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૨માં તો અતિશય આકરા શબ્દોમાં સંભળાવી પણ દીધું કે "શાસ્ત્રે પ્રતિપાદન કર્યા એવા જે વિધિનિષેધ તેને ખોટા કહે છે, એવા જે આ જગતને વિષે જ્ઞાનના કથનારા છે તેને તો મહાઅધમ જાણવા ને નાસ્તિક જાણવા."

શ્રીહરિ જરાપણ ધર્મની ગૌણતાને હરગિજ સહી શકતા નથી. પછી ભલે તે જ્ઞાની કે ભક્ત કહેવાતો હોય. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૭માં કહ્યું: "જે કોઈ પંચવર્તમાનરૂપ જે ધર્મ તેને મૂકીને જ્ઞાનનું કે ભક્તિનું બળ

લેશે તે ગુરુદ્રોહી છે... અને એવી ધર્મભંગ વાત જે કોઈ કરતો હોય તેને વિમુખ કહેવો.''

૬.૧.૫ ધર્મપાલનનો આગ્રહ

ભગવાન કે ભગવાનના અવતારો આ ધન્ય ધરા પર ધર્મનું પ્રસ્થાપન કરવા અને અધર્મનો ઉચ્છેદ કરવા પ્રગટ થાય છે. ગીતામાં ગોવિંદે ગાયું:

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

(શ્રીમદ્‌ભગવદ્‌ગીતા: ૪/૭)

હે ભારત! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરું છું.

ભગવાન સ્વામિનારાયણ વન-વિચરણના અંતે લોજપુરમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં પધાર્યા ત્યારે ત્યાં સંતો રસોઈ બનાવવા માટે દેવતાની આપલે એક છિદ્ર દ્વારા, બાજુમાં રહેતા વાળંદની સ્ત્રી સાથે કરતા. શ્રીહરિ આ છિદ્ર જોઈને તરત બોલ્યા કે 'આ દીવાલમાં છિદ્ર નથી, પણ ધર્મમાં છિદ્ર છે. તેથી પૂરી દો.' પોતાની ઉપસ્થિતિમાં વર્ષો પુરાણા છિદ્રને પૂરાવ્યું. અને શિક્ષાપત્રીમાં અનુરોધ કર્યો કે –

अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि ।
आचर्यं तर्हि तन्नैव धर्मः सर्वार्थदोऽस्ति हि ॥
पूर्वैर्महद्भिरपि यदधर्माचरणं क्वचित् ।
कृतं स्यात् तत्तु न ग्राह्यं ग्राह्यो धर्मस्तु तत्कृतः ॥

(શિક્ષાપત્રી: ૭૩/૭૪)

'જે કર્મ કરવાથી ઘણો લાભ થતો હોય, પણ તે જો ધર્મવિહોણું હોય તો તે કદી કરવું નહીં. કારણ કે, ધર્મ જ સર્વ અર્થને આપનારો છે. પૂર્વે મોટાપુરુષોએ જે અધર્માચરણ કર્યું હોય તે ગ્રહણ ન કરવું ને જે ધર્માચરણ કર્યું હોય તે જ ગ્રહણ કરવું.'

જીવનમાં કદાચ આપત્કાળ આવી પડે તો પણ ધર્મનો તો ક્યારેય ત્યાગ ન કરવો. આ વાતને શ્રીહરિએ વચનામૃત સારંગપુર પ્રકરણ ૯માં કહી: ''ગમે તેવો આપત્કાળ પડે અથવા અમે આજ્ઞા કરીએ તો પણ તમારે પોતાના

ધર્મમાંથી ચળવું નહીં.''

''જેટલા ત્યાગી છે તેને તો ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલા ગૃહસ્થ હરિભક્ત છે તેમને ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલી બાઈઓ હરિભક્ત છે તેને બાઈઓના ધર્મ પ્રમાણે વર્તવું. અને જો તે થકી ઓછું વર્તે તો પણ સુખ ન થાય અને જો તે થકી અધિક વર્તે તો પણ સુખ ન થાય. શા માટે જે, પરમેશ્વરના કહેલ જે ધર્મ તે પ્રમાણે જ ગ્રંથમાં લખ્યું હોય, તેમાં કોઈ રીતે બાધ આવે એવું ન હોય ને સુખે પળે એવું હોય, ને તેથી ઓછું-અધિકું કરવા જાય, તે કરનારો જરૂર દુઃખી થાય.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૧)

૬.૧.૬ ધર્મને જાણવામાં વિઘ્ન

ધર્મનું તત્ત્વ અતિ ગોપનીય છે. તેને યથાર્થ રૂપમાં જાણવું ખૂબ અઘરું છે. મહાભારતમાં વિદુરજી ધૃતરાષ્ટ્રને કહે છે કે દશ પ્રકારના પુરુષો - મનુષ્યો તેને નથી જાણી શકતા:

दश धर्मं न जानन्ति धृतराष्ट्र निबोध तान्।
मत्त:प्रमत्त उन्मत्तः श्रान्तः क्रुद्धो बुभुक्षितः॥
त्वरमाणश्च लुब्धश्च भीतः कामी च ते दश।

(મહાભારત, ઉદ્યોગપર્વ: ૩૩/૧૦૧-૧૦૨)

અભિમાની, પ્રમાદી, ગાંડો, થાકેલો, ક્રોધી, ભૂખ્યો, ઉતાવળિયો, લોભી, ભયભીત અને કામી.

પરંતુ જો આ તમામ મનુષ્યો પ્રગટ ભગવાનના યોગમાં આવે અને તેના વચન પ્રમાણે કરવા તૈયાર થાય તો ધર્મના સાચા સ્વરૂપને જાણી શકે.

ઘણા આ પ્રકારના વિચિત્ર સ્વભાવના માનવો પ્રગટ ભગવાનના યોગમાં આવવાથી પરમ ધાર્મિક બની ગયા છે. જોબનપગી, તખોપગી, મૂંજોસૂરુ, માનભા, વાલેરો વરુ વગેરે.

તેથી જ્યારે જ્યારે આ અવનીને અવતાર કે અવતારી અલંકૃત કરતા હોય ત્યારે ત્યારે એમની મરજી-રુચિ-અનુવૃત્તિ અને આજ્ઞા પ્રમાણે વર્તે તે પરમ ધાર્મિક બની શકે. ધર્મનું આ જ સાચું રહસ્ય છે. જેને નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના કાવ્યમાં ઉજાગર કર્યું:

ધર્મ ધર્મ સહુ કોઈ કહે, પણ ધર્મમાં બહુ મર્મ છે;
પ્રગટ પ્રભુનાં વચન પાળે, એથી મોટો કોઈ ધર્મ છે?

(નિષ્કુળાનંદ કાવ્ય, સારસિદ્ધિ: ૨૮/૯)

અત્યારે આપણા માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ છે તેથી એમની આજ્ઞા અનુવૃત્તિ-મરજી પ્રમાણે વર્તવું તે પરમ ધર્મ છે.

૬.૨ જ્ઞાન

સમગ્ર વિશ્વમાં અનંત પ્રકારનાં જ્ઞાન છે. પરંતુ આધ્યાત્મિક જ્ઞાનની જ સુપેરે ચર્ચા કરીશું; કારણ, આધ્યાત્મિક જ્ઞાન જ એકાંતિક ધર્મનું અનિવાર્ય અંગ છે. જેના દ્વારા આત્યંતિક મુક્તિ પામી શકાય છે. વૈદિક તથા પૌરાણિક સાહિત્યમાં આ વાતને વિસ્તૃત રીતે દર્શાવી છે, જેનો સાર વેદોમાં દર્શાવ્યો છે.

ગઢડા પ્રથમ પ્રકરણ ૨૪માં શ્રીહરિ કહે છે: ''જ્ઞાન કેવું છે? તો પ્રકૃતિપુરુષથી પર છે.'' પ્રકૃતિપુરુષથી પર બે જ તત્ત્વ છે: અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ. અર્થાત્ આ બંને તત્ત્વોનું જ્યારે જ્ઞાન થાય ત્યારે જ જીવની મુક્તિ થાય છે. શાસ્ત્રો પણ કહે છે:

'ऋते ज्ञानान्न मुक्तिः' (હિરણ્યકેશીયશાખા)

'જ્ઞાન વિના મુક્તિ ન થાય.'

શ્રીમદ્ભગવદ્ગીતા પણ આ ઉક્તિને અનુમોદન આપી પુષ્ટ કરે છે:

ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति।

(શ્રીમદ્ભગવદ્ગીતા: ૪/૩૯)

'જ્ઞાન પામીને તે તરત પરમ શાંતિથી મોક્ષને પામે છે.'

ભારતીય સનાતન હિન્દુ ધર્મનાં વિવિધ શાસ્ત્રો, અનુભવયુક્ત આચાર્યો, ભક્તિપ્રિય ભક્તો, પ્રજ્ઞાસંપન્ન પંડિતો તથા ક્રાંતદર્શી કવિઓએ જ્ઞાનની વિવિધ વ્યાખ્યાઓ કરેલી છે, પરંતુ સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આધ્યાત્મિક જ્ઞાનની અતિ અદ્ભુત સરળ અને સચોટ વ્યાખ્યા આપી:

ज्ञानं च जीव-मायेश-रूपाणां सुष्ठु वेदनम्।

(શિક્ષાપત્રી : ૧૦૪)

'જીવ, માયા અને ઈશ્વરના સ્વરૂપને રૂડી રીતે સમજવું તે જ્ઞાન જાણવું.'

અગિયાર વર્ષની કુમળી વયે ગૃહત્યાગ કરી અનંત જીવોના પરમ કલ્યાણ માટે સાત વર્ષ સમગ્ર ભારતના અનેક તીર્થોને તીર્થત્વ આપતાં આપતાં ગરવી ગુજરાતની પુણ્યવંતી ભૂમિમાં નાનકડા લોજપુર ગામમાં પધાર્યા. મઠ, મંદિર કે આશ્રમમાં જ્યાં જ્યાં તેમને સંત, મહંત કે સંન્યાસી મળ્યા, તેને જિજ્ઞાસાથી એક જ પ્રશ્ન પૂછતા: 'જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં યથાર્થ સ્વરૂપને સમજાવો.' આ કઠિન પ્રશ્નનો યથાર્થ ઉત્તર એમને કોઈ સ્થાનમાંથી સંતોષજનક ન સાંપડ્યો. અંતે ગૃહત્યાગથી કરેલી જિજ્ઞાસાનો અંત લોજપુરમાં આવ્યો. સર્વગુણ સંપન્ન ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીના અગ્રણી શિષ્ય મુક્તાનંદ સ્વામીના ઉત્તરથી તૃપ્તિનો ઓડકાર આવ્યો. અને ત્યાં જ રહેવાનો દૃઢ નિર્ધાર કર્યો. ભગવાન સ્વામિનારાયણના મતે પાંચ અનાદિ તત્ત્વોને યથાર્થ જાણવાં તે જ્ઞાન છે. સમગ્ર ભૂમંડલ પર આ પાંચ તત્ત્વોનું પહેલી વાર ઉદ્‌બોધન કરનાર સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ હતા.

આ પાંચ તત્ત્વોનો સંક્ષેપમાં પરિચય પ્રાપ્ત કરીએ, જેથી એકાંતિક ધર્મના અંગરૂપ જ્ઞાનને સમ્યક્ ઓળખી શકીએ.

૬.૨.૧ જીવ

પાંચ અનાદિ તત્ત્વોમાં એક અનાદિ અનંત તત્ત્વ જીવ છે; જેને જીવ, આત્મા કે જીવાત્મા કહે છે. શ્રીહરિ સ્વલિખિત શિક્ષાપત્રીમાં જીવાત્માનું સ્વરૂપ સંક્ષેપમાં સમજાવે છે:

> हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम् ।
> ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ॥

(શિક્ષાપત્રી: ૧૦૫)

'જીવ છે તે હૃદયને વિશે રહ્યો છે, અણુ સરખો સૂક્ષ્મ છે ને ચૈતન્યરૂપ છે, ને જાણનારો છે અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખા પર્યંત પોતાના સમગ્ર દેહ પ્રત્યે વ્યાપી રહ્યો છે. અચ્છેદ્ય, અભેદ્ય, અજર, અમર ઈત્યાદિ જીવનાં લક્ષણ છે.'

આવા અસંખ્ય જીવો છે. જીવ શરીરના હૃદયમાં વિશેષ સત્તાએ કરીને રહે છે અને જ્ઞાનશક્તિએ કરીને સમગ્ર શરીરમાં તે વ્યાપીને રહે છે.

જીવાત્માને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણ અવસ્થા છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણ શરીર છે. પૃથ્વી આદિ પંચભૂતમાંથી ઉત્પન્ન થયેલા શરીરને સ્થૂળ શરીર કહે છે. ચક્ષુ આદિ દશ ઈન્દ્રિયો, મન આદિ ચાર અંતઃકરણને સૂક્ષ્મ શરીર કહે છે, સ્વભાવ, પ્રકૃતિ, વાસના, અવિદ્યા, અજ્ઞાન વગેરેને કારણ શરીર કહે છે.

આ કારણ શરીર જીવને અનાદિકાળથી વળગેલું છે. તે કોઈ રીતે છૂટું પડતું નથી. પરબ્રહ્મના અથવા અક્ષરબ્રહ્મના યોગથી તેનું કારણ શરીર ટળે છે.

આવો જીવાત્મા શરીર, ઈન્દ્રિયો, અંતઃકરણ, અવસ્થાદિના યોગે કરીને દેહાદિકરૂપ થઈ ગયો છે. ''તે એના સંગને મૂકીને એ જીવ એમ સમજે જે, 'મારું સ્વરૂપ તો માયા થકી મુક્ત ને પર એવું જે બ્રહ્મ તે છે. એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે.'' (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૧) બ્રહ્મરૂપ થાય અને પુરુષોત્તમ નારાયણને પ્રાપ્ત કરી શકે. માયાને તરી દિવ્ય અક્ષરધામમાં બ્રહ્મમય દિવ્યદેહ ધારણ કરી, શ્રીહરિની સેવામાં નિમગ્ન બની જાય છે. આ જીવ સંબંધી જ્ઞાન છે.

૬.૨.૨ ઈશ્વર

સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણના મતે અનાદિ અનંત બીજું તત્ત્વ ઈશ્વર છે; જે અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મથી ન્યૂન છે. ઈશ્વરના ત્રણ દેહ – વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત છે. ઈશ્વર જીવાત્માની જેમ સ્વરૂપે અણુવત્ સૂક્ષ્મ છે. અચ્છેદ્ય વગેરે લક્ષણો જીવ સમાન જ છે. સ્વરૂપ સ્વભાવે જીવ જેવા હોવા છતાં સામર્થી જીવ કરતાં અનેકગણી વધુ છે. ઈશ્વરને પણ સ્થિતિ, ઉત્પત્તિ અને પ્રલય એમ ત્રણ અવસ્થા છે. અનાદિકાળથી ઈશ્વરો માયાથી બદ્ધ છે. પ્રગટ અક્ષરબ્રહ્મ તથા પરબ્રહ્મના દિવ્ય સંબંધ વિના મહામાયાને સ્વબળે તરી શકતા નથી.

જીવાત્માની જેમ ઈશ્વરો પણ અનંત છે. પ્રધાનપુરુષ, વિરાટપુરુષ, રામકૃષ્ણાદિ અવતારો, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ તથા તેમની ઈન્દ્રિયોના દેવતા, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વગેરેનો ઈશ્વરકોટિમાં સમાવેશ થાય છે.

પ્રગટ અક્ષરબ્રહ્મરૂપ સત્પુરુષના દિવ્ય સંબંધથી એમનો મન-કર્મ-વચન દ્વારા સંબંધ કરી, બ્રહ્મના ગુણો પ્રાપ્ત કરી, ઈશ્વર પણ અનાદિ માયાને તરી,

અક્ષરધામમાં દિવ્યદેહ ધારણ કરી શ્રીહરિની ભક્તિના અધિકારી બને છે. આ ઈશ્વર સંબંધી જ્ઞાન છે.

૬.૨.૩ માયા

શ્રીહરિના મતે અનાદિ અનંત તૃતીય તત્ત્વ માયા છે; જેને અવિદ્યા, અજ્ઞાન, પ્રકૃતિ, મૂળપ્રકૃતિ, મૂળમાયા, મહામાયા વગેરે નામોથી સંબોધવામાં આવે છે.

શ્રીહરિ સ્વલિખિત શિક્ષાપત્રીમાં માયાનું સ્વરૂપ બતાવે છે –

त्रिगुणात्मा तमः कृष्ण–शक्तिर्देह–तदीययोः ।
जीवस्य चाहंममता–हेतुर्माया–वगम्यताम् ॥

(શિક્ષાપત્રી : ૧૦૬)

'જે માયા છે તે ત્રિગુણાત્મિકા છે, ભગવાનની શક્તિ છે. અને આ જીવને દેહ તથા દેહના જે સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે.'

વચનામૃતમાં શ્રીહરિએ માયાની અનેક વ્યાખ્યાઓ આપી છે :

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧માં કહે છે : "ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ." વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૪માં "હેતરૂપી જ ભગવાનની માયા છે." વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૪માં "પ્રમાદ ને મોહ એનું જ નામ માયા છે." વચનામૃત કારિયાણી પ્રકરણ ૧૨માં "કારણ શરીર છે એ જીવની માયા છે." વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૫માં "ભગવાનનો જે અલૌકિક મહિમા તેને જાણતા નથી; એ જ ભગવાનની માયા છે." વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૯માં "દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે."

માયા સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણથી યુક્ત છે, અંધકારમય છે, ભગવાનની શક્તિ છે. દેહ અને દેહના સંબંધીને વિષે અહં-મમત્વની કરાવનારી છે.

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'દસ હજાર સૂર્યનું તેજ સુદર્શન ચક્રમાં છે. તેનો દીવા જેટલો પ્રકાશ થાય એટલું ઘાટું માયાનું તમ છે.' (સ્વામીની વાતો : ૧/૨૪૮)

આવી મહા અંધકારમય માયા સ્વબળે કોઈ રીતે તરી શકાય કે જીતી શકાય તેવી નથી. પરંતુ શ્રીહરિ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૨માં કહે છે:

"વળી જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન કથાદિક એ જ છે; ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે અને અતિ મોટાઈને પામે છે અને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે."

પ્રત્યક્ષ સત્પુરુષની કૃપાથી ભગવાનનો આશરો, નિશ્ચય, ઉપાસના અને નિષ્ઠા દૃઢ થાય તો સહેજે જ માયાને તરી જવાય.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત લોયા પ્રકરણ ૧૦માં કહે છે: "જેને ભગવાનનો એવો પરિપક્વ નિશ્ચય છે તેને કોઈ રીતે માયા દુઃખ દેવાને અર્થે સમર્થ થતી જ નથી."

આ પ્રમાણે જાણવું તે માયાનું જ્ઞાન છે.

૬.૨.૪ બ્રહ્મ

શ્રીહરિના મતે ચતુર્થ તત્ત્વ બ્રહ્મ છે, જેને અક્ષર, અક્ષરબ્રહ્મ વગેરે નામોથી કહેલું છે. અક્ષરબ્રહ્મ એક છે. વચનામૃત લોયા પ્રકરણ ૧૭માં કહ્યું: 'અક્ષર તે આવો છે ને આવું એ અક્ષર સંબંધી સુખ છે.' અહીં એકવચનનો પ્રયોગ થયેલો છે. તેથી ફલિત થાય છે કે અક્ષરબ્રહ્મ એક જ છે.

અક્ષરબ્રહ્મ એક હોવા છતાં સચ્ચિદાનંદ ચિદાકાશરૂપે, ધામરૂપે, અક્ષરધામમાં પરબ્રહ્મના સેવકરૂપે અને આ લોકમાં ગુણાતીત સત્પુરુષરૂપે એમ ચાર રૂપે સેવાકાર્ય કરે છે.

આ વાત વચનામૃતમાં શ્રીહરિએ વિસ્તૃત રીતે બતાવેલ છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૬માં કહે છે: "સર્વનો આધાર જે આકાશ છે તે નિર્વિકાર છે ને અનાદિ છે. અને એવો સર્વાધાર જે આકાશ છે તે આકાશને બ્રહ્મ કહીએ, ચિદાકાશ કહીએ."

તો વચનામૃત પંચાળા પ્રકરણ ૧માં કહે છે કે "જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનને રહેવાનું ધામ છે."

વળી, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧માં કહ્યું: "એ અક્ષર બીજે

રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે.''

અને વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧ પ્રમાણે, ''ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.''

આમ, અક્ષરબ્રહ્મનાં ચાર સ્વરૂપો વિવિધ રીતે સેવાકાર્ય કરી રહેલાં છે.

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને યથાર્થ જાણ્યા વિના આત્યંતિક મુક્તિ ન થાય. શ્રીહરિ વચનામૃત પંચાળા પ્રકરણ ૭માં કહે છે: 'ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે.'

અક્ષરબ્રહ્મ દ્વારા જ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને યથાર્થ જાણી શકાય છે અને આત્યંતિક મુક્તિ પ્રાપ્ત કરી શકાય છે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૨માં કહે છે: 'અક્ષરબ્રહ્મ તો જેમ સૂર્યનું મંડળ છે તેમ છે. તે સૂર્ય જ્યારે માથે આવે ત્યારે સૂર્યને યોગે કરીને દસે દિશાઓ કલ્પાય છે, તેમ અક્ષરધામ છે.'

અર્થાત્ જેમ સૂર્ય પ્રગટ થાય છે ત્યારે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઈશાન, અગ્નિ, નૈર્ઋત્ય, વાયવ્ય, ઉપર, નીચે એમ દસે દિશાનું સ્પષ્ટ જ્ઞાન થાય છે. તેમ અક્ષરબ્રહ્મ પ્રગટ થાય છે ત્યારે અનાદિ અનંત જીવ, ઈશ્વર, માયા અને પરબ્રહ્મ વગેરેનું સ્પષ્ટ જ્ઞાન થાય છે. તે વિના તત્ત્વનું યથાર્થ જ્ઞાન થતું નથી. તેથી આત્યંતિક મુક્તિમાં પરબ્રહ્મને યથાર્થ ઓળખવા માટે અક્ષરબ્રહ્મની અનિવાર્યતા છે. આ સમજવું તે અક્ષરબ્રહ્મ સંબંધી જ્ઞાન છે.

૬.૨.૫ પરબ્રહ્મ

શ્રીહરિના મતે પાંચમું અનાદિ અનંત તત્ત્વ પરબ્રહ્મ છે. પરબ્રહ્મ, પરમાત્મા, પુરુષોત્તમ, પરમેશ્વર વગેરે નામોથી આ પરમ તત્ત્વને સંબોધવામાં આવે છે.

પરબ્રહ્મના યથાર્થ જ્ઞાનથી તથા અતિશય માહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિ

કરવાથી આત્યંતિક મુક્તિ થાય છે. શ્રીહરિ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૭માં કહે છે:

"ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનનું માહાત્મ્ય જાણવું એ બે અસાધારણ મોક્ષના હેતુ છે." પરબ્રહ્મ તુલ્ય અક્ષરપર્યંત કોઈ નથી.

તેઓ એક અને અદ્વિતીય છે. વચનામૃત લોયા પ્રકરણ ૪માં કહ્યું: "ભગવાનનું સ્વરૂપ પણ એક જ છે. અને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થવાને કાજે અક્ષર પર્યંત કોઈ સમર્થ થતો નથી, એ સિદ્ધાંત છે."

વળી, વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૯માં કહે છે: "જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે અને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, તો પણ તે ભગવાન જેવા તો થતા જ નથી."

પરબ્રહ્મ સૂક્ષ્માતિશય સૂક્ષ્મ છે અને સ્થૂળ એટલે કે મોટા પણ છે. આ બંને એમનું અલૌકિક ઐશ્વર્ય છે, સામર્થ્ય છે, પરંતુ એમનું મૂળ સ્વરૂપ તો મનુષ્યાકારે દેખાય છે તેવું દિવ્ય સ્વરૂપ છે. શ્રીહરિ વચનામૃત કારિયાણી પ્રકરણ ૮માં કહે છે: "ભગવાન નિર્ગુણરૂપે તો અતિ સૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ છે અને સગુણરૂપે તો અતિ સ્થૂળ કરતાં પણ સ્થૂળ છે, ત્યારે એ બેય રૂપનું ધરનારું જે ભગવાનનું મૂળ સ્વરૂપ તે કેવું છે? તો તેનો ઉત્તર એ છે જે, પ્રકટ પ્રમાણ મનુષ્યાકારે દેખાય છે એ જ ભગવાનનું સદાય મૂળ સ્વરૂપ છે, અને નિર્ગુણપણું અને સગુણપણું એ તો એ મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય છે."

પરબ્રહ્મ સમગ્ર વિશ્વના કર્તાહર્તા છે. એમની મરજી વિના સૂકું પાંદડું પણ હલતું નથી. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૧માં કહ્યું: "આ સર્વ જગત છે તેના કર્તાહર્તા એક ભગવાન છે." અને તેઓ સદા સાકારરૂપે જ વિરાજમાન છે. વચનામૃત વરતાલ પ્રકરણ ૧૨માં કહ્યું: "એવું જે અક્ષરધામ તેને વિષે શ્રીપુરુષોત્તમ ભગવાન સદા દિવ્યમૂર્તિ થકા વિરાજમાન છે." વળી, વચનામૃત વરતાલ પ્રકરણ ૧૩માં કહ્યું: "તે મૂર્તિમાન ભગવાન અક્ષરધામમાં રહ્યા થકા જ અનંત કોટિ બ્રહ્માંડમાં ભાસે છે."

ભગવાન સ્વામિનારાયણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ, સર્વોપરી, સર્વ અવતારના અવતારી છે. તે વાત વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૩માં કહી: "અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે; અને

સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે... તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે, એમ જાણજો.''

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રીહરિ અનંત જીવોના આત્યંતિક કલ્યાણ કાજે આ પુણ્યવંતી પૃથ્વી પર પધારે છે. અને આપણા સર્વના નયન ગોચર થાય છે. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૮માં કહ્યું: ''એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે.''

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ દિવ્ય, અલૌકિક, નિર્દોષ, નિર્વિકાર, નિર્લેપ, નિઃસંગી તથા માયા પર ગુણાતીત છે. વચનામૃત પંચાળા પ્રકરણ ૪માં કહ્યું: ''આ બ્રહ્માંડમાં જેટલા પ્રકૃતિપુરુષ થકી ઉત્પન્ન થયા જે આકાર તે સર્વે માયિક છે અને ભગવાન છે તે દિવ્ય છે ને અમાયિક છે, માટે એ બેયને વિષે અતિશય વિલક્ષણપણું છે.''

આવા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ આજે પૃથ્વી પર અક્ષરબ્રહ્મ સત્પુરુષ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ દ્વારા વિચરણ કરી રહ્યા છે. અને એમના પવિત્ર યોગમાં આવનાર તમામ મુમુક્ષુ જીવોનું આત્યંતિક શ્રેય કરી રહેલા છે. આ પ્રમાણે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને તત્ત્વે સહિત સમજીએ તો એમના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું જાણવું.

૬.૩ વૈરાગ્ય

એકાંતિક ધર્મનું તૃતીય અંગ વૈરાગ્ય છે. સંસ્કૃતમાં વૈરાગ્ય માટે વિરાગ શબ્દનો પ્રયોગ થાય છે. જેનો અર્થ विगतः रागः यस्मात् इति विरागः। જેમાંથી રાગ જતો રહ્યો હોય તે વિરાગ વૈરાગ્ય છે. રાગ-આસક્તિનો અત્યંત અભાવ તે વૈરાગ્ય છે. શ્રીમત્સત્સંગિજીવન ગ્રંથમાં શતાનંદ સ્વામી વૈરાગ્યનું સ્વરૂપ આ જ ભાવને દૃઢાવતું દર્શાવે છે:

यत् किञ्चिदस्ति प्रकृतिपुरुषाभ्यां समुद्गतम्।
स्थावरं जङ् गमं वा तद्भक्ष्यं कालस्य विद्यते॥

क्षयिष्णुत्वं सदुःखत्वमित्थं ज्ञात्वाऽखिलस्य च।
अनासक्तिः स्वदेहादौ या तद्वैराग्यमुच्यते॥

(શ્રીમત્સત્સંગિજીવનમ્: ૪/૬૭/૧૫-૧૬)

પ્રકૃતિપુરુષ થકી ઉત્પન્ન થયેલા જે કાંઈ સ્થાવર-જંગમ પદાર્થ છે, તે સર્વે કાળનું ભક્ષણ છે. અર્થાત્ કાળ એ સર્વનો નાશ કરી નાખે છે, એવી રીતે સર્વે માયિક પદાર્થોનું નાશવંતપણું તથા દુઃખે સહિતપણું જાણી, પોતાનો દેહ, દેહ સંબંધી પદાર્થ, વિષયભોગ એ આદિક સર્વેને વિષે અનાસક્તિ જે પ્રીતિ નહીં તેને વૈરાગ્ય કહીએ. શ્રીહરિએ સ્વલિખિત શિક્ષાપત્રીમાં વૈરાગ્યનું સ્વરૂપ સંક્ષેપમાં સમજાવ્યું:

वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु ।

(શિક્ષાપત્રી : ૧૦૪)

'ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહીં તે વૈરાગ્ય જાણવો.'

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩માં કહ્યું: "વૈરાગ્યનું એવું સ્વરૂપ છે જે, સર્વે નામરૂપને નાશવંત દેખાડે." વળી, વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૪માં કહ્યું: "જે પિંડ-બ્રહ્માંડથી નિઃસ્પૃહ રહેવું... એ વૈરાગ્યનું રૂપ છે." આમ, વૈરાગ્ય એટલે કેવળ ભગવાનમાં પરમ આસક્તિ, અન્ય સર્વ પદાર્થો તેમ જ પ્રાણીઓને વિશે અત્યંત અરુચિ, તે સાચો વૈરાગ્ય છે.

૬.૩.૧ વૈરાગ્ય વિના અપૂર્ણતા

જીવનમાં પૂર્ણતાનું પ્રાગટ્ય ત્યારે જ થાય, જ્યારે માણસ વૈરાગ્યથી વિભૂષિત બને. અન્યથા પદાર્થોમાં આસક્ત થઈ અવનતિને આવકારે.

શ્રીહરિએ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૭માં કહ્યું: "જેને વૈરાગ્યની દુર્બળતા હોય તેને ટાળ્યાની શ્રદ્ધા હોય તોય સ્વભાવ ટળે નહીં. જેમ દરિદ્રી હોય તે ઘણાં સારાં સારાં ભોજન ને સારાં સારાં વસ્ત્રને ઇચ્છે પણ તે ક્યાંથી મળે ? તેમ વૈરાગ્યહીન હોય તેના હૃદયમાં ઇચ્છા તો હોય પણ સાધુતાના ગુણ આવવા ઘણા દુર્લભ છે." વૈરાગ્યની દુર્બળતાથી પદાર્થમાં પ્રીતિ થઈ જાય.

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧માં કહ્યું: "જો વૈરાગ્ય ન હોય તો જ્યારે મનગમતું પદાર્થ મળે ત્યારે જેમ ભગવાનમાં પ્રીતિ કરે છે તેમ બીજા પદાર્થમાં પણ ભગવાનના જેવી પ્રીતિ થઈ જાય છે."

"તેણે કરીને જગતનું પ્રધાનપણું મટતું નથી ને ભગવાનમાં પ્રીતિ થતી નથી." (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨)

૬.૩.૨ વૈરાગ્ય ઊપજ્યાનો ઉપાય

આ જીવને અનાદિકાળથી માયામય જગતનું પ્રધાનપણું દૃઢ થઈ ગયેલું છે. જ્યારે વૈરાગ્યનું કિરણ ફૂટે છે ત્યારે અજ્ઞાનરૂપ જગતનો અંધકાર નાશ પામે છે. વૈરાગ્ય વિના કોટિ ઉપાય કરો તો પણ જગતનું પ્રધાનપણું મટતું નથી.

શ્રીહરિએ વૈરાગ્ય ઊપજવાના અનેક હેતુઓની વાત વચનામૃતમાં કરી છે. વચનામૃત લોયા પ્રકરણ ૯માં કહ્યું: "વૈરાગ્ય તો એમ ઊપજે જે, જો કાળનું સ્વરૂપ જાણ્યામાં આવે. તે કાળનું સ્વરૂપ તે શું? તો નિત્ય પ્રલયને જાણે... અને આત્યંતિક પ્રલયને જાણે તથા બ્રહ્માદિક સ્તંબ પર્યંત સર્વ જીવના આયુષને જાણે અને એમ જાણીને પિંડ-બ્રહ્માંડ સર્વ પદાર્થને કાળનું ભક્ષ સમજે ત્યારે વૈરાગ્ય ઊપજે." કાળને જાણવાથી વૈરાગ્ય ઊપજે છે.

તો વળી વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૦માં કહ્યું: "જ્યારે ભગવાન સંબંધી સુખમાં દૃષ્ટિ પહોંચે ત્યારે જેટલું માયિક સુખ છે તે સર્વ થકી વૈરાગ્ય પામે છે અને એક ભગવાનની મૂર્તિમાં જ હેત થાય છે; એ વૈરાગ્યનું સ્વરૂપ કહ્યું છે."

એક વાર સર્વોપરી શ્રીહરિએ સંસારના રંગથી રંગાયેલા લાડુદાનજીને એકાંતમાં વાત કરી કે 'આ દાદાની બહેનો લાડુબા અને જીવુબા ગૃહસ્થ હોવા છતાં ત્યાગીના નિયમો પાળે છે તેથી અમારું ખોટું દેખાય છે. તો તમે તેમને સારી રીતે સમજાવો.'

બંને બહેનો પુરુષનું મુખ જોતી ન હોવાથી વચ્ચે પડદો નાખી લાડુદાનજીની સઘળી વાતો સાંભળી. પછી બહેનોએ લાડુદાનજીને સામે વાત કરી કે 'દેહની શોભા આત્મા વડે છે, આત્મા વિના દેહની કાંઈ કિંમત નથી. વળી, તમે આ સારાં વસ્ત્રાભૂષણો પહેરો છો, તેથી તમારામાં કોઈને હેત થાય, તો તેનું પાપ કોને લાગે? માટે સાત્ત્વિક થઈ ભગવાનની ભક્તિ કરો. જેમ સોનાની ગાગરમાં મહિનાનું મળ-મૂત્ર ભરીને પછી તેને રેશમનું વસ્ત્ર બાંધીને, સભામાં લાવી તે વસ્ત્ર ખોલીને ગાગરને ઠાલવે તો કેવું લાગે?'

આ સાંભળતાં જ લાડુ બારોટને ઊલટી થઈ ગઈ. ત્યારે તે બહેનોએ

કહ્યું: 'સોનાની ગાગરની જેમ આ તો રૂપે મઢ્યાં અમારા દેહ છે, પણ અંદર તો હાડ-ચામ જ ભર્યું છે.'

આ વાત સાંભળી લાડુદાનજીને ચોટ લાગી ગઈ અને આભૂષણો ઉતારી શ્રીહરિ પાસે દીક્ષા લઈ, પોતે શ્રીરંગદાસ બની સંતપંક્તિમાં શોભવા લાગ્યા.

ઘણી વાર ચટકીનો વૈરાગ્ય પણ ઊપજતો હોય છે, પરંતુ થોડા સમયમાં તે વૈરાગ્ય ઓસરી જાય છે. પરંતુ વડવાનળ અગ્નિ સમાન જ્ઞાનાંશનો વૈરાગ્ય ઓલવાતો નથી. જેનું આદર્શ ઉદાહરણ - નિષ્કુળાનંદ સ્વામી.

એક વાર નિષ્કુળાનંદ સ્વામી આધોઈથી વિચરણ કરતાં કરતાં ગઢડા ગયા. તેમનાં માતૃશ્રી અમૃતબા અને પત્ની કંકુબા મોટા પુત્ર માધવજીને લઈ ગઢપુર આવ્યાં. માધવજીને કહ્યું : 'તું જઈને તારા બાપને પાછા લઈ આવ.' માધવજી નિષ્કુળાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ તેને એક કાવ્ય સંભળાવ્યું:

મુને સ્વપ્ને ન ગમે સંસાર, કહોને કે કીજીએ,
વમન થયું મન ઊતર્યું, એવો જાણ્યો રે સંસાર.

તથા કહ્યું: 'સાચો બાપ મૃત્યુના ભયથી મુકાવે. માટે તું પણ સાધુ થઈ જા.'

પુત્રને વૈરાગ્ય ચડ્યો. શ્રીહરિએ દીક્ષા આપી ગોવિંદાનંદ સ્વામી નામ પાડ્યું. વૈરાગીના યોગમાં રહેવાથી પણ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.

નિષ્કુળાનંદ સ્વામીએ નિષ્કુળાનંદ કાવ્યમાં કહ્યું:

તીવ્ર વૈરાગ્ય તો તો ઊપજે, જો કૃપા કરે જગદીશ;
કાં તો તેના જન મળે, વૈરાગ્યવાન મુનીશ.

(નિષ્કુળાનંદ કાવ્ય, સારસિદ્ધિ : ૧૭/૩)

આજે એવા ગુણાતીત સત્પુરુષ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પ્રગટ મળ્યા છે. જેઓના સંગે આપણે વૈરાગ્ય જીવનમાં પ્રાપ્ત કરી શકીશું.

૬.૪ ભક્તિ

એકાંતિક ધર્મનું ચતુર્થ અંગ ભક્તિ છે. એકાંતિક ધર્મમાં ભક્તિનું પ્રાધાન્ય બતાવ્યું છે. તેથી જ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત માહાત્મ્ય જ્ઞાને યુક્ત ભગવાનની ભક્તિ કરવી જોઈએ. એવી રીતે ભક્તિનું મુખ્યપણું દર્શાવ્યું છે.

૬.૪.૧ ભક્તિનું લક્ષણ - વ્યાખ્યા

સનાતન હિન્દુ ધર્મનાં વિવિધ શાસ્ત્રો, સાક્ષાત્કાર સંપન્ન સંતો અને પરમેશ્વરને ભજતા એવા ભક્તોએ ભક્તિનું સ્વરૂપ અને વ્યાખ્યા પોતાના અનુભવના આધારે પ્રસ્તુત કરેલાં છે.

નારદ ભક્તિ-સૂત્રોમાં જુદા જુદા મહાપુરુષોના મતે ભક્તિનું લક્ષણ અને વ્યાખ્યા આ પ્રમાણે કરેલી છે:

सा त्वस्मिन् परमप्रेमस्वरूपा। (નારદભક્તિસૂત્ર ૧-૨)

'ભક્તિ એટલે ભગવાનમાં પરમ પ્રેમ પ્રગટ થાય તે.

पूजादिषु अनुराग रति पाराशर्यः। (નારદભક્તિસૂત્ર ૧/૧૭)

'ભગવાન વેદવ્યાસના મતે ભગવાનની સેવાપૂજામાં પ્રેમ તે ભક્તિ.'

कथादिषु इति गर्गः।

'ગર્ગાચાર્યના મતે ભગવાનની કથાદિમાં પ્રેમ તે ભક્તિ.'

आत्मरत्यविरोधेनेति शाण्डिल्यः। (નારદભક્તિસૂત્ર ૧/૧૮)

'શાંડિલ્ય ઋષિના મતે પોતાના હૃદયમાં ભગવાનનો પ્રેમ પ્રગટ થાય ત્યાં સુધી ભગવાનની કથા-કીર્તનાદિમાં અનુરાગ રહે, પછી પોતાના આત્મામાં મસ્ત રહે તે ભક્તિ.'

नारदस्तु तदर्पिताखिलाचारता तदविस्मरणे परमव्याकुलतेति।

(નારદભક્તિ સૂત્ર ૧/૧૯)

'દેવર્ષિ નારદના મતે પોતાનાં કર્મો ભગવાનને સોંપે, ભગવાનનું રટણ રહે, ભગવાન એક ઘડી પણ ભુલાય તો વિરહનું ખૂબ દુ:ખ રહે, તે ભક્તિ.'

पूज्येषु अनुरागो भिक्तः। (દેવી ભાગવત ૭/૩૭)

'પૂજ્ય જનોમાં અનુરાગ એ ભક્તિ.'

સર્વાવતારી શ્રીહરિએ સંક્ષેપમાં ભક્તિની અદ્ભુત વ્યાખ્યાઓ આપી.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૦માં કહ્યું: "...એવા કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દૃઢ આશ્રય કરવો તેનું જ નામ ભક્તિ છે." ને વળી આગળ કહે છે: "જ્યારે ભગવાન મનુષ્યના જેવા પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહીં, એવી જેની બુદ્ધિ હોય તેને

પરમેશ્વરની ભક્તિ કહેવાય."

વચનામૃત વરતાલ પ્રકરણ ૧૭માં કહ્યું: 'ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એનું નામ જ ભક્તિ છે."

વચનામૃત જેતલપુર પ્રકરણ ૯માં શ્રીહરિ કહે છે: "આ દેહે કરીને ભગવાનનું ગમતું કરવું એથી બીજી વાત કોઈ મોટી નથી ને એ જ ભક્તિ છે."

ભગવાન સ્વામિનારાયણના મતે ભક્તિ એટલે પ્રગટ ભગવાનનો દૃઢ આશ્રય કરવો, ભગવાન અને ભગવાનના ભક્તને વિષે દિવ્યભાવ રાખવો, ભગવાન અને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું તથા ભગવાનની મરજી પ્રમાણે વર્તવું એ જ ભક્તિ છે. ભક્તિનું મૂર્તિમાન સ્વરૂપ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ ભક્તિની વ્યાખ્યાઓ આ પ્રમાણે કરતા:

'ભગવાન વગર રહી ન શકાય તે એકાંતિકી ભક્તિ.'

'ભીડો વેઠે એ જ ભક્તિ.'

૬.૪.૨ ભક્તિના પ્રકારો

સનાતન હિન્દુધર્મના બે પ્રસિદ્ધ શાસ્ત્રો – શ્રીમદ્ભાગવતપુરાણ તથા શ્રીરામચરિતમાનસમાં ભક્તિના નવ પ્રકારો બતાવ્યા છે.

અસુરગુરુ શંડ અને અમર્ક પ્રહ્લાદને આસુરી વિદ્યા ભણાવતા હતા, તેમાં એક વાર હિરણ્યકશિપુએ પ્રહ્લાદને પોતાની ગોદમાં બેસાડી પૂછ્યું: 'બેટા! તું શું ભણ્યો?'

ત્યારે પ્રત્યુત્તરમાં પ્રહ્લાદે પિતાશ્રી હિરણ્યકશિપુને કહ્યું : 'હે પિતાજી!

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम्।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम्॥
इति पुंसाऽर्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणा।
क्रियते भगवत्यद्धा तन्मन्येऽधीतमुत्तमम्॥

(શ્રીમદ્ભાગવત: ૭/૫/૨૩-૨૪)

'ભગવાન શ્રીવિષ્ણુની ભક્તિના નવ પ્રકાર છે – ભગવાનનાં ગુણ-લીલા-નામ વગેરેનું શ્રવણ, તેમનું કીર્તન, તેમનાં રૂપ-નામ વગેરેનું સ્મરણ, તેમનાં ચરણોની સેવા, પૂજા-અર્ચના, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. જો ભગવાન પ્રત્યે સમર્પણ ભાવે આ નવ પ્રકારની ભક્તિ કરવામાં આવે તો

તેને હું ઉત્તમ અધ્યયન સમજું છું.'

આમ, ભક્તિના નવ પ્રકાર બતાવ્યા:

૧. શ્રવણ, ૨. કીર્તન, ૩. સ્મરણ, ૪. પાદસેવા, ૫. અર્ચન, ૬. વંદન, ૭. દાસભાવ, ૮. મિત્રભાવ, ૯. આત્મનિવેદન.

શ્રીરામચરિતમાનસમાં મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચંદ્રજી શબરીની પર્ણકુટીએ જાય છે ત્યારે શબરી હાથ જોડી સામે ઊભી રહી. પ્રભુને જોઈ તેનો પ્રેમ અત્યંત વધ્યો. તેણે કહ્યું: 'હું કયા પ્રકારે આપની સ્તુતિ કરું? હું નીચ જાતિની અત્યંત જડબુદ્ધિવાળી છું, મંદ બુદ્ધિવાળી છું.'

શ્રીરઘુનાથજીએ કહ્યું: 'હે ભામિનિ! મારી વાત સાંભળ. હું એક ભક્તિનો જ સંબંધ માનું છું. નાત, જાત, કુળ, ધર્મ, મોટાઈ, ધન, બળ, કુટુંબ, ગુણ અને ચતુરાઈ હોવા છતાં ભક્તિ વિનાનો મનુષ્ય કેવો શોભે? જળ વિનાનું વાદળું દેખાય તેવો! અર્થાત્ શોભતો નથી.

હવે હું તારી પાસે નવ પ્રકારની ભક્તિ કહું છું, તું સાવધાન થઈ સાંભળ અને તે મનમાં ધારણ કર.

પ્રથમ ભગતિ સંતન્હ કર સંગા,
દૂસરિ રતિ મમ કથા પ્રસંગા.
ગુરુપદપંકજ સેવા તીસરિ ભગતિ અમાન,
ચૌથિ ભગતિ મમ ગુનગન, કરઈ કપર તજિ ગાન.
મંત્ર જાય મમ દૃઢ બિસ્વાસા,
પંચમ ભજન સો બેદ પ્રકાસા.
છઠ દમ સીલ બિરતિ બહુ કરમા,
નિરત નિરંતર સજ્જન ધરમા.
સાતવઁ સમ મોહિ મય જગ દેખા,
મોતેં સંત અધિક કરિ લેખા.
આઠવઁ જથા લાભ સંતોષા,
સપનેહુઁ નહીં દેખઈ પરદોષા.
નવમ સરલ સબ સન છલહીના,
મમ ભરોસ હિયઁ હરસ ન દીના,
નવમહું એકઉ જિન્હ કેં હોઈ,

નારિ પુરુષ સચરાચર કોઈ
સોઈ અતિસય પ્રિય ભામિનિ મોરેં,
સકલ પ્રકાર ભગતિ દૃઢ તોરેં.

૧. સંતોનો સંગ.
૨. કથાશ્રવણ.
૩. ગુરુસેવા.
૪. ભગવાનનાં ગુણગાન ગાવાં.
૫. મંત્ર જાપ - ભગવાનમાં વિશ્વાસ રાખી કરવો.
૬. ઈન્દ્રિયોને વશ કરી, સારો સ્વભાવ રાખી, વૈરાગ્ય કેળવી, સત્પુરુષોના ધર્મોનું આચરણ કરવું.
૭. જગતને પ્રભુમય નિહાળવું, સંતોને પ્રભુ કરતાં અધિક માનવા.
૮. સંતોષ રાખવો અને પારકા દોષ ન જોવા.
૯. સરળતા રાખી કપટ રહિત વર્તવું, ભગવાનનો વિશ્વાસ રાખી હર્ષ-શોક ન કરવા.

આમ, ભક્તિના નવ પ્રકાર વર્ણવી શ્રીરામ શબરીને કહે છે: 'આ નવમાંથી જેનામાં એક પણ ભક્તિ હોય, તે સ્ત્રી, પુરુષ, જડ, ચેતન કોઈ પણ હોય પરંતુ હે ભામિનિ! તે મને અત્યંત પ્રિય છે, તારામાં તો સર્વ પ્રકારની ભક્તિ દૃઢ છે.'

આમ, બંને ગ્રંથોમાં ભક્તિના નવ પ્રકાર બતાવ્યા, પરંતુ એમાં ક્રમમાં તથા પ્રકારમાં ઘણી વિષમતા જોવા મળે છે. આપણી ભવ્ય ગુરુપરંપરાના તમામ ગુરુવર્યોના જીવનમાં આ નવે નવ ભક્તિ અતિશય દૃઢ જોવા મળે છે. તદુપરાંત, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અનુવૃત્તિરૂપ ભક્તિ, નિર્દોષબુદ્ધિરૂપ ભક્તિ, પ્રેમલક્ષણા ભક્તિ, ભીડા ભક્તિ વગેરે ભક્તિના પ્રકારો બતાવતા. એ તમામ ભક્તિ એમના જીવનનો શ્વાસ બની ગયેલી હતી.

તુલસીદાસજીએ રામચરિત માનસમાં પ્રથમ ભક્તિ 'સંતનો સમાગમ કરવો' દર્શાવી. વ્યાસજીએ શ્રીમદ્ભાગવતમાં શ્રવણ કરવું – 'ભગવાનની કથાવાર્તા સાંભળવી' બતાવ્યું. આ બંને ભક્તિ જો આપણા જીવનમાં દૃઢ થાય તો અન્ય તમામ ભક્તિને આપણે આત્મસાત્ કરી શકીએ.

ભગવાન સ્વામિનારાયણથી માંડી દિવ્ય ગુણિયલ ગુરુપરંપરાના તમામ

ગુરુવર્યોએ પોતાના ઉપદેશ અને વિશુદ્ધ વર્તન દ્વારા વિશેષ બંને ભક્તિનો અનુરોધ કર્યો છે.

૬.૪.૩ ભક્તિની સમાનતા

સાધના કરતા સાધક અને ભક્તિ કરતા ભક્તના જીવનમાં અનેક પ્રશ્ન ઉદ્‌ભવે કે ભક્તિના આટલા બધા પ્રકારમાં હું કઈ ભક્તિ કરું? અને કઈ ભક્તિ છોડું? કારણ, તમામ ભક્તિ એક સાથે, એક સમયે કરવી અશક્ય બને. તો શું કરવું?

સર્વાવતારી સર્વજ્ઞ ભગવાન સ્વામિનારાયણે ગુણિયલ ભક્તની દ્વંદ્વાત્મક મૂંઝવણને પારખી સુંદર સમાધાન વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૪માં આપ્યું: "નવધા ભક્તિમાંથી જેને જે ભક્તિએ કરીને ભગવાનમાં દૃઢ સ્નેહ થાય તે જ ભક્તિ તેને શ્રેષ્ઠ છે."

વળી, ભક્તિનો પરમ હેતુ લૌકિક પંચવિષયોમાંથી રાગ ઓછા કરવા તે છે. ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૫માં કહે છે:

"જીવને પંચવિષયના જે ઘા લાગ્યા છે, તે જ્યારે નવધા ભક્તિ માંહેલી જે ભક્તિ કરતાં થકાં એ પંચવિષયના ઘાની પીડા ન રહે ને પંચવિષયનું સ્મરણ ન થાય એ જ એને પાટો ગોઠ્યો જાણવો અને એ જ એને ભજન-સ્મરણનું અંગ દૃઢ જાણવું. પછી એ અંગમાં રહીને માનસી પૂજા કરવી, નામસ્મરણ કરવું, જે કરવું તે એ પોતાના અંગમાં રહીને કરવું, તો એને અતિશય સમાસ થાય. અને જો પોતાના અંગને ઓળખે નહીં તો જેમ ઘાયલને પાટો ગોઠે નહીં ને સુખ ન થાય, તેમ એને ભજન-સ્મરણમાં કોઈ રીતે સુખ ન થાય ને પંચવિષયના જે ઘા એને લાગ્યા હોય તેની પીડા ટળે નહીં. માટે એ નવધા ભક્તિમાંથી જે ભક્તિ કરતે થકે પોતાનું મન ભગવાનમાં ચોંટે અને ભગવાન વિના બીજો ઘાટ કરે નહીં ત્યારે તે હરિભક્તને એમ જાણવું જે, 'મારું તો એ જ અંગ છે.' પછી તે જાતની ભક્તિ એને પ્રધાન રાખવી, એ સિદ્ધાંતવાર્તા છે."

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ પણ આ વચનને પુષ્ટ કરતાં કહે છે: "જે ભક્તિ કરતાં થકા પોતાનું મન દૃઢ રહે તે ભક્તિ પ્રધાન રાખવી."

ભક્તવત્સલ શ્રીહરિ અને ભક્તિ સંપન્ન યોગીજી મહારાજનાં વચનોનો

વાસ્તવિક અર્થ એ છે કે જે ભક્તિ કરતાં થકા ભક્તનું મન વિશેષ ભગવાનમાં જોડાય, નિર્વિષયી થાય, તે ભક્તિ તેના માટે ઉત્તમ છે, શ્રેષ્ઠ છે. મુખ્ય છે. અન્ય તમામ ભક્તિ તેને ગૌણપણે કરવાની છે.

૬.૪.૪ ભક્તિનો મહિમા

તમામ આસ્તિક લોકો ભગવાનની ભક્તિ કરે છે. સનાતન હિન્દુ ધર્મનાં સર્વ શાસ્ત્રો, સત્પુરુષો તથા ભક્તોએ ભક્તિને જીવનનો સાર બતાવ્યો છે. માન્યતા અને સંપ્રદાય પૃથક્ હોવા છતાં ભક્તિનો સૂર દરેક વહાવે છે.

કબીરજી મનુષ્ય જીવનનું લક્ષ્ય બંધાવતાં કહે છે:

કબીર કહે કમાલકું, દો બાતેં શીખ લે,
કર સાહેબકી બંદગી ઔર ભૂખે કો અન્ન દે.

શીખધર્મના આદ્યસંસ્થાપક ગુરુનાનક સાહેબ તો પોતાના મનને જ ઠપકો આપતાં ઉપદેશે છે કે –

સુમિરન કર લે મેરે મના,
તેરી બીતી ઉંમર હરિ નામ બિના.

હરિનામ વિના ઉંમર વીતે તો ભગવાનના ભક્તને કઈ રીતે ગમે?

તેથી ભારતવર્ષના આદિ જગદ્‌ગુરુ શંકરાચાર્યજી પણ અતિશય ભારપૂર્વક ઠપકો આપતાં કહે છે:

'भज गोविन्दं भज गोविन्दं गोविन्दं भज मूढमते।' 'હે મૂઢમતે! તું ગોવિંદને ભજ, ગોવિંદને ભજ.'

દરેક વાતમાં લાભાલાભ જોનારો માણસ ભજનમાં આજ વિચારશે તેથી તેને તેમાં તરત રસ નહીં પડે, તેથી મીરાંબાઈ હરિભજનથી થતો લાભ જણાવે છે કે 'तेरी मीट जाये सब शंका चिंता नाम हरिका बोल रे...'

બ્રહ્માનંદ સ્વામી પણ આ વાતમાં સૂર પુરાવતાં કહે છે કે *'હરિ ભજતાં સુખ હોય સમજ મન, હરિ ભજતાં સુખ હોય...'*

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે કે ભજનમાં સુખ છે. 'કોટિ કલ્પ સુધી ભગવાન ભજ્યા વિના સુખ નહીં થાય.' (સ્વામીની વાતો: ૫/૬૪)

સ્વામિનારાયણ સંપ્રદાયમાં દેવાનંદ સ્વામીના અખાની જેમ ચાબખા પ્રસિદ્ધ છે. એમનાં ભજનો સૂતેલા માણસને ઢંઢોળે છે.

પ્રભુ ભજવાનું વેદ પુરાણે કહ્યું છે કથી,
અક્કલહીણા આળસી બેઠો પામર તું પથી.
હરિ વિના હિતકારી બીજું કોઈ તારું નથી.

ભજ્યો નહીં ભગવાન મૂરખ જીવતા મર્યો...

હર્ષશોકની નદીઓ મોટી, તેમાં જાય તણાણો,
દેવાનંદ કહે હરિ ભજ્યા વિના ઘણે દુઃખે ઘેરાણો રે...
દુનિયામાં ડાહ્યો ડાપણમાં દુઃખ પામે.

ચેતી લે ચિત્તમાં વિચારી ચાલ જે ડરી,
દેવાનંદનો નાથ ભજો પ્રેમમાં ભરી
માણસનો અવતાર મોંઘો નહીં મળે ફરી.

શ્રીહરિએ પણ ભજનમાં સુખ માન્યું છે: "અમારે પણ ભગવાનના ભજનનું સુખ તે જ સુખ જણાય છે." (વચનામૃત વરતાલ પ્રકરણ ૧૬)

તેઓ ભજનની સર્વોત્કૃષ્ટ મહત્તા ગાતાં કહે છે: "ભગવાનને ભજવા એથી બીજી વાત મોટી નથી." (વચનામૃત જેતલપુર પ્રકરણ ૫)

આમ, ભગવાન ભજવાની વાત દરેક ધર્મગ્રંથો અને સત્પુરુષોએ ઉદ્બોધેલી છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સહજ રીતે અવારનવાર એક વાત ઉચ્ચારતા: 'ભગવાન ભજી લેવા.' રાત્રે લઘુ કરવા જતાં કે ક્યારેક ક્યારેક એકલા પોતાની લાક્ષણિક લઢણમાં બોલતા: 'ભગવાન ભજી લેવા.' આ એમના અંતરનો ઉદ્ગાર હતો. કોઈ વ્યક્તિ તેમની પાસે પોતાની શારીરિક, માનસિક, આર્થિક, વ્યાવહારિક, સામાજિક કે આધ્યાત્મિક મૂંઝવણ રજૂ કરે, ત્યારે તેઓ તરત જ કહેતા: 'કરો ધૂન', એમ કહી પોતે ધૂન કરે અને સૌ પાસે કરાવે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ હંમેશાં આ પ્રમાણે જ ધૂન કરતા અને કરાવતા, જેઓના આજે હજારો લોકો સાક્ષી છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ ભજન વિના વ્યર્થ સમય વ્યતીત થવા ન દે.

व्यर्थः कालो न नेतव्यो भक्तिं भगवतो विना । (શિક્ષાપત્રી: ૧૯૩)

ભગવાનની ભક્તિ વિના વ્યર્થકાળ ન નિર્ગમવો જોઈએ. શિક્ષાપત્રીની

આ આજ્ઞાનું અક્ષરશઃ પાલન તેઓ કરી રહ્યા છે.

આ પરથી એટલું ફલિત થાય છે કે જીવનમાં ભજન કરવું એ સાર છે. પરંતુ તે કઈ રીતે કરવું? એ પણ શાસ્ત્રો અને સત્પુરુષોએ બતાવ્યું છે.

૬.૪.૪.૧ ધર્મ સહિત ભક્તિ

શાસ્ત્રોમાં પુનરુક્તિને દોષ ગણવામાં આવે છે. શિક્ષાપત્રીમાં આ દોષને અવગણીને પણ શ્રીહરિએ ધર્મ સહિત ભક્તિ કરવાનો અનુરોધ કર્યો. (શિક્ષાપત્રી: ૩૯). વળી, ધર્મે રહિત ભક્તિ કોઈ પ્રકારે ન કરવી, તે પણ કહ્યું. (શિક્ષાપત્રી: ૧૦૨)

૧૯૭૦માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ એડન હતા. પધરામણીમાં એક આસન પર સ્ત્રી આવી જતાં સિત્તેર વર્ષની વયે સખત ગરમીમાં પ્રાયશ્ચિત્તરૂપે નિર્જળ ઉપવાસ કર્યો હતો.

એક વાર યોગીજી મહારાજ મુંબઈમાં બિરાજતા હતા. પ્રમુખસ્વામી મહારાજ વહેલી સવારની ગાડીમાં બહારગામથી આવ્યા. યોગીજી મહારાજ પૂજા કરી ઉકાળો લેવા પધાર્યા ત્યારે તેમણે કહ્યું: 'પ્રમુખસ્વામીને આપણી સાથે ઉકાળો લેવા બોલાવો.'

સેવકે કહ્યું: 'પ્રમુખસ્વામી પૂજા કરે છે, એમને મોડું થશે. એટલે આપ ઉકાળો લઈ લો, એમ એમણે કહ્યું છે.'

યોગીજી મહારાજે ફરી એક યુવકને મોકલ્યો અને કહેવરાવ્યું: 'ભલે મને મોડું થાય. પ્રમુખસ્વામી આવ્યા પછી જ અમે ઉકાળો લઈશું.'

યુવકે જઈને સ્વામીશ્રીને વાત કરી તો જાણવા મળ્યું કે તેમને ઉપવાસ છે. તેમના સેવકે કહ્યું: 'સવારે દાદર સ્ટેશનના પુલ ઉપરથી આવતાં, ભીડમાં પોતાનું વસ્ત્ર કોઈ સ્ત્રીને અડી ગયું છે એવી એમને શંકા છે. તેથી તેમણે ઉપવાસ કર્યો છે.' આ ગુણાતીત પુરુષો શંકાનો પણ ઉપવાસ કરે છે! આ તેમની દૃઢ ધર્મપાલન સાથે જ ભક્તિ છે.

આમ, સત્પુરુષોના જીવનમાં ધર્મ રાખી ભજનની અનેરી રીત જોવા મળે.

૬.૪.૪.૨ સાચા સંત સંગાથે ભક્તિ

ધર્મે સહિત ભક્તિ કરવામાં આવે છતાં સાચા સંતના સમાગમ વિના

ભક્તિની વધુ ઉચ્ચ ભૂમિકા સુધી પહોંચી શકાતું નથી. તેથી દેવાનંદ સ્વામી કહે છે: *'ભજી લે ભગવાન સાચા સંતને મળી.'* સાચા સંત દ્વારા ભજનની દુર્લભ સાચી રીત અને દિશા પ્રમાણે ભક્તિ કરવાથી એમની પ્રસન્નતા થાય, જેથી ભગવાનની વિશેષ નજીક પહોંચી શકાય. પરોક્ષ ભાવે દિલથી જેમણે સંતને મળી ભજન કર્યું છે એવાં ધ્રુવ, પ્રહ્‌લાદ, મીરાંબાઈ વગેરેએ પણ ભક્તિની ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરી છે. તો આજે આપણને પ્રગટ સંત - સત્પુરુષ મળ્યા છે, એમની અનુવૃત્તિ-આજ્ઞા પ્રમાણે ભક્તિ કરવામાં આવે તો નિશ્ચિંતપણે ભક્તિની ઉચ્ચ ભૂમિકાએ પહોંચી શકીએ.

સત્પુરુષોના જીવનમાં આ દેખાય છે. અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીહરિની મરજી મુજબ જીવન વ્યતીત કર્યું. તેથી શ્રીહરિ પણ ગુણાતીતાનંદ સ્વામીને ઉદ્દેશી બોલ્યા: 'આ અમારા તિલક, આ જેવા કોઈ સાધુ નથી.'

ભગતજી મહારાજે તો ગુણાતીતાનંદ સ્વામીની જીભ વળી એ પ્રમાણે દેહને વાળ્યો. શાસ્ત્રીજી મહારાજ ત્યાગી હોવા છતાં ભગતજી મહારાજની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે આયખું ઓગાળ્યું.

યોગીજી મહારાજ વારંવાર કહેતા: 'શાસ્ત્રીજી મહારાજની ચાલીસ વર્ષ એકધારી આજ્ઞા પાળી છે. ત્યારે સુખ આવે છે.'

પ્રમુખસ્વામી મહારાજના મુખે આપણે ઘણી વાર સાંભળ્યું છે કે 'યોગીજી મહારાજથી મારો વિચાર ક્યારેય જુદો પડ્યો નથી. ત્યારે યોગીજી મહારાજ રાજી થયા અને આજે આનંદ છે.'

વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજે પણ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા-અનુવૃત્તિમાં પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દીધું ત્યારે એમને આનંદ છે. અને એમના થકી લાખો લોકોને આનંદ આવી રહ્યો છે.

આમ, સાચા સંતની આજ્ઞા-અનુવૃત્તિમાં રહીને ભક્તિ કરવાથી ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે અને વર્ષોની સાધનાની સફર ટળી જાય છે.

૬.૪.૪.૩ મનુષ્યભાવ-દિવ્યભાવની એકતા સહ ભજન

ગુણાતીતાનંદ સ્વામીએ ભગવાન ભજવાની કળા બતાવતાં કહ્યું: 'દિવ્યભાવ ને મનુષ્યભાવ એક થઈ જાય ત્યારે ભગવાન ભજવાનું સુખ આવે.'

(સ્વામીની વાતો: ૫/૧૦૦)

યોગીજી મહારાજને શાસ્ત્રીજી મહારાજને વિષે પૂર્ણ દિવ્યભાવ હતો. એક ભક્તે યોગીજી મહારાજને કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજના અક્ષરો ગડબડિયા છે.' ત્યારે યોગીજી મહારાજ તેને કહે: 'શાસ્ત્રીજી મહારાજના અક્ષરો તો મોતીના દાણા જેવા છે, આપણને વાંચતા નથી આવડતું, એ તો અક્ષરધામના અક્ષરો છે.'

'શાસ્ત્રીજી મહારાજ અત્યારે સૂતા છે' એમ એક ભક્તે કહ્યું. તેને કહે: 'એમ ન કહેવાય, બીજા બ્રહ્માંડમાં કાર્ય કરવા ગયા છે એમ કહેવાય.'

એક ભક્ત કહે, 'શાસ્ત્રીજી મહારાજને પૂરણપોળી-વેઢમી બહુ ભાવતી.' ત્યારે યોગીજી મહારાજ તેને કહે: 'ગુરુ ! એમને વેઢમી નહોતી ભાવતી, પરંતુ આપણને ભાવતી એટલે બનાવી જમાડતા ! એમને તો સ્વાદ હોય જ નહીં.'

એક વાર પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું: 'આપને શાસ્ત્રીજી મહારાજની કઈ ક્રિયા દિવ્ય લાગતી ?'

ત્યારે સ્વામીશ્રી કહે: 'બધી જ ક્રિયા દિવ્ય લાગતી.'

ગુણાતીતાનંદ સ્વામી કહે છે: 'પ્રત્યક્ષ ભગવાન તથા સંતના ચરિત્રમાં મનુષ્યભાવ આવે તો અમાવાસ્યાના ચંદ્રમાની પેઠે ઘટી જાય છે ને દિવ્યભાવ જાણે તો બીજના ચંદ્રમાની પેઠે વધે છે.' (સ્વામીની વાતો: ૫/૩૯૨)

માટે ભગવાન અને સંતમાં હંમેશાં દિવ્યભાવ રાખી ભજન કરવું તો ઉત્તરોત્તર વૃદ્ધિ જ થયા કરે. અને અંતે ભગવાનને પ્રાપ્ત કરી શકે છે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા પણ આ વાતની સાક્ષી પૂરે છે:

जन्म कर्म च मे दिव्यं यो वेत्ति तत्त्वतः।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन॥

(શ્રીમદ્‌ભગવદ્‌ગીતા: ૪/૯)

'હે અર્જુન ! મારાં જન્મ અને કર્મ દિવ્ય છે, તેને જે દિવ્ય જાણે છે તે દેહ ત્યજીને પુનર્જન્મ પામતો નથી પણ મને પામે છે.'

૬.૪.૪.૪ ભક્તિની ચરમ અવસ્થા

શ્રીહરિએ શિક્ષાપત્રીમાં વિવિધ આજ્ઞાઓ કરેલ છે, પરંતુ તેમાં શ્રેષ્ઠ આજ્ઞા ૧૧૬મા શ્લોકમાં બતાવી.

निजात्मानं ब्रह्मरूपं देहत्रय-विलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥

(શિક્ષાપત્રીઃ ૧૧૬)

'સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી.'

આ પ્રમાણે જે ભગવાનની ભક્તિ કરે તે ભક્ત શ્રેષ્ઠ છે.

વચનામૃત અમદાવાદ પ્રકરણ ૨માં શ્રીહરિ આની સાક્ષી પૂરે છેઃ "માટે બ્રહ્મરૂપ થઈને જે પરમેશ્વર ભજે તે જ શ્રેષ્ઠ છે."

વચનામૃત લોયા પ્રકરણ ૭માં તો આવા ભક્તને જ ભક્તિનો અધિકારી બતાવ્યોઃ "જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે."

બ્રહ્મરૂપ થયા વિના પરબ્રહ્મને પામી શકાતા નથી.

પોતાના જીવાત્માને બ્રહ્મરૂપ માની ભજન કરવાથી સમાસ પણ થાય છે. અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી કહે છેઃ 'દેહે કરીને ક્રિયા કરતો હોય ને પોતાનું રૂપ જુદું સમજીને ભજન કરતો હોય તો બહુ સમાસ થાય.' (સ્વામીની વાતોઃ ૧/૧૩)

આ પ્રમાણે જો ભક્તિ ન કરે તો ગમે તેવા મોટા હોય તો પણ તેને વિઘ્ન આવે અને પોતાની સ્થિતિમાંથી ડગી જાય અને કલંક લાગે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૩મા કહ્યુંઃ "એવી રીતની સ્થિતિ જ્યાં સુધી થઈ નથી ત્યાં સુધી ભગવાનનો ભક્ત છે તો પણ તેને માથે વિઘ્ન છે. અને જો એવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા અને એવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ પામ્યા અને એવી સ્થિતિમાં નારદજી નો'તા વર્તતા તો પરણ્યાનું મન થયું અને ઈન્દ્ર તથા ચંદ્રાદિક તેમને જો એવી સ્થિતિ નો'તી તો કલંક લાગ્યાં."

માટે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ત્રણ શરીરથી પર પોતાના જીવાત્માને અક્ષરરૂપ - બ્રહ્મરૂપ માની ભગવાનની ભક્તિ કરવી.

આવી રીતે એકાંતિક ધર્મનાં ચારેય અંગોને જાણે ત્યારે એકાંતિક ધર્મ યથાર્થ જાણ્યો ગણાય.

૭

એકાંતિક ધર્મ ઊપજ્યાનો હેતુ

દરેક ભક્તને પોતાના જીવનમાં મહેચ્છા હોય છે કે મારે એકાંતિક ધર્મ સિદ્ધ કરવો છે. કારણ જેના દ્વારા આત્યંતિક મુક્તિ પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ આવો એકાંતિક ધર્મ જીવનમાં કઈ રીતે ઊપજે? કઈ રીતે આવે? એ અતિ મહત્ત્વનું છે.

એકાંતિક ધર્મનાં ચાર અંગ છે: ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ. ચારેયને ઊપજ્યાની વાત વચનામૃત લોયા પ્રકરણ ૯માં સુંદર રીતે શ્રીહરિ બતાવે છે:

''વૈરાગ્ય તો એમ ઊપજે જે, જો કાળનું સ્વરૂપ જાણ્યામાં આવે. તે કાળનું સ્વરૂપ તે શું? તો નિત્ય પ્રલયને જાણે, નૈમિત્તિક પ્રલયને જાણે.... તથા બ્રહ્માદિક સ્તંબ પર્યંત સર્વ જીવના આયુષને જાણે અને એમ જાણીને પિંડ-બ્રહ્માંડ સર્વ પદાર્થને કાળનું ભક્ષ સમજે ત્યારે વૈરાગ્ય ઊપજે. જ્ઞાન તો એમ થાય જે, જો બૃહદારણ્ય, છાંદોગ્ય, કઠવલ્લી આદિક જે ઉપનિષદ તથા ભગવદ્‌ગીતા તથા વાસુદેવમાહાત્મ્ય તથા વ્યાસસૂત્ર ઇત્યાદિક ગ્રંથનું સદ્‌ગુરુ થકી શ્રવણ કરે તો જ્ઞાન ઊપજે. અને ધર્મ તો એમ ઊપજે, જો યાજ્ઞવલ્કય સ્મૃતિ, મનુસ્મૃતિ, પરાશર સ્મૃતિ, શંખલિખિતસ્મૃતિ ઇત્યાદિ સ્મૃતિનું શ્રવણ કરે તો ધર્મ ઊપજે ને તેમાં નિષ્ઠા આવે. અને ભક્તિ એમ ઊપજે જે, ભગવાનની જે વિભૂતિઓ છે તેને જાણે. તે કેમ જાણે? તો ખંડ-ખંડ પ્રત્યે ભગવાનની મૂર્તિઓ જે રહી છે તેનું શ્રવણ કરે તથા ભગવાનનાં ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર, શ્વેતદ્વીપાદિક ધામ છે તેને સાંભળે તથા જગતની ઉત્પત્તિ-સ્થિતિ-

પ્રલયરૂપ જે ભગવાનની લીલા તેને માહાત્મ્યે સાંભળે તથા રામ-કૃષ્ણાદિક જે ભગવાનના અવતાર તેની જે કથાઓ તેને હેતે સહિત સાંભળે, તો ભગવાનને વિષે ભક્તિ ઊપજે. અને એ ચારમાં જે ધર્મ છે તે તો કાચી બુદ્ધિ હોય ને પ્રથમ જ કર્મકાંડરૂપ જે સ્મૃતિઓ તેનું શ્રવણ કરે તો ઊપજે, અને જ્યારે ધર્મને વિષે દૃઢતા થાય ત્યાર પછી ઉપાસનાના ગ્રંથનું શ્રવણ કરે, ત્યારે એને જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય એ ત્રણેય ઊપજે; એવી રીતે એ ચારને ઊપજ્યાના હેતુ છે.'' (વચનામૃત લોયા પ્રકરણ ૯)

આ પ્રમાણે ભગવાન સ્વામિનારાયણે જે એકાંતિક ધર્મને ઊપજ્યાના ઉપાયો બતાવ્યા છે, તે ઉપાયો કરવાથી દરેકના જીવનમાં એકાંતિક ધર્મ અવશ્ય ઉદય થાય. એમાં કોઈ ભેદભાવ નથી.

૮

એકાંતિક ધર્મ આત્મસાત્ કરવાના ઉપાયો

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિયુક્ત એકાંતિક ધર્મ – ભાગવત ધર્મ, શાસ્ત્રોમાં સારી રીતે લખાયેલો હોય, વિદ્વાનો પંડિતો જેનું વિવિધ નિરૂપણ કરતા હોય, કવિઓ જેને કાવ્ય દ્વારા ગાતા હોય, પરંતુ એને વ્યક્તિગત જીવનમાં આત્મસાત્ કરવો, સિદ્ધ કરવો, એ ખૂબ અગત્યનું છે. એની સિદ્ધિ માટે વચનામૃતમાં તથા સાંપ્રદાયિક ગ્રંથોમાં સરળ ઉપાયો બતાવ્યા છે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૦માં કહે છે :

“આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય, પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહીં. માટે જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.”

અહીં શ્રીહરિ વિવિધ મંદિરો દ્વારા, ભગવાનના સ્વરૂપરૂપ મૂર્તિઓ દ્વારા કે જ્ઞાનસ્વરૂપ શાસ્ત્રો દ્વારા એકાંતિક ધર્મ પામવાની વાત કરતા નથી, પરંતુ જેમણે પોતાના જીવનમાં એકાંતિક ધર્મ સિદ્ધ કરેલો છે, એવા પરમ એકાંતિક સંત દ્વારા જ એકાંતિક ધર્મ સિદ્ધ કરી શકાય છે... એવું સ્પષ્ટપણે કહે છે.

એવા પરમ એકાંતિક સંતનો પ્રસંગ થવો જોઈએ. તો તે સંત દ્વારા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય જ્ઞાને સહિત ભક્તિ આત્મસાત્ કરી શકીએ.

શ્રીહરિ આ વાતને વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૮માં કહે છે:

“જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે અને કામ-ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે.”

આમ, પરમ એકાંતિક સંતના સંગે એકાંતિક ધર્મ આપણે જીવનમાં આત્મસાત્ કરી શકીએ. આજે આપણાં સદ્‌ભાગ્ય છે કે એવા પરમ એકાંતિક સત્પુરુષ આપણને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ મળ્યા છે. એમના સંગે જો આપણે પ્રયત્ન કરીશું તો અવશ્ય એકાંતિક ધર્મ સિદ્ધ કરી શકીશું.

૯

એકાંતિક ધર્મ ધારક ભક્તની સ્થિતિ

એકાંતિક ભક્તનાં શરીર, ઈન્દ્રિયો, અંતઃકરણ અને આત્મા સર્વ ભગવાનમય બની જાય છે. શરીરે કરીને ક્યારેય અયોગ્ય આચરણ ન કરે. શાસ્ત્ર અને સત્પુરુષની બાંધેલી મર્યાદા પ્રમાણે હંમેશાં આયખું ઓગાળે. ક્યારેય દેહને પોતાનું રૂપ ન માને.

શ્રીહરિએ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૨માં કહ્યું કે "એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહીં ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે."

એકાંતિક ભક્તની દશ ઈન્દ્રિયો ભગવાન સંબંધી વિષયોને જ ભોગવે, પરંતુ જગત સંબંધી લૌકિક શબ્દાદિ પંચ વિષયોમાં ક્યારેય આસક્ત ન થાય.

ભગવાન સ્વામિનારાયણ આ વાતને વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૮માં સંક્ષેપથી સમજાવે છે: "ભક્તને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ વિષય હોય તો પણ ભગવાન સંબંધી જ હોય; અને તેના શ્રવણ તે અખંડ ભગવાનની કથા સાંભળવાને ઈચ્છે અને ત્વચા તે ભગવાનનો સ્પર્શ કરવા ઈચ્છે, અને નેત્ર તે ભગવાન ને ભગવાનના સંતનાં દર્શન કરવા ઈચ્છે, અને રસના તે ભગવાનના મહાપ્રસાદના સ્વાદને ઈચ્છે, અને નાસિકા તે ભગવાનને ચડ્યાં જે પુષ્પ-તુળસી તેની સુગંધને ઈચ્છે, પણ પરમેશ્વર વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે જ નહીં. એવી રીતે જે વર્તે તે ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય."

આ પ્રમાણે એકાંતિક ભક્તની ઇન્દ્રિયોની જેમ અંતઃકરણ પણ સદા ભગવાનના નિશ્ચયથી પરિપૂર્ણ રહે, ચિત્ત અખંડ ભગવાનનું ચિંતવન કર્યા કરે અને અહંકાર જે 'હું ભગવાનનો દાસ છું, સેવક છું' એ ભાવને આખો દિવસ ઘૂંટ્યા કરે, પરંતુ ભૂલમાં પણ પોતાની મહત્તાનું માન ન આવે.

અને એકાંતિક ભક્તનો આત્મા શરીર, ઇન્દ્રિયો અને અંતઃકરણની જેમ પરમાત્માના સુખથી ભરપૂર રહે, તેનો એને અખંડ વેગ લાગી જાય છે. પછી પરમાત્મા સિવાય અન્ય સર્વ પદાર્થમાંથી એની વૃત્તિ નીકળી જાય છે. કેવળ પરમાત્માના સુખે જ સુખિયો રહે છે.

આમ, એકાંતિક ભક્તનું શરીર, ઇન્દ્રિયો, અંતઃકરણ અને આત્મા ભગવાનપરાયણ થઈ જાય છે. અને પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું તે પ્રમાણે,

'જ્યાં જુએ ત્યાં રામજી બીજું ન ભાસે રે,
ભાત દેખી ભૂલે નહીં અનુભવ ઉજાસે રે,
અનુભવીને અંતરે રહે રામ વાસે રે...'

આ રીતે ત્રણ ગુણ, ત્રણ અવસ્થા, ત્રણ શરીરથી પર થઈ સર્વત્ર પરમાત્માનો અનુભવ કરે છે. જન્મ મરણ, લખચોરાશી, ગર્ભવાસથી પર થઈ જીવનમુક્તની અવસ્થા પ્રાપ્ત કરે છે.

૧૦

એકાંતિક ધર્મ દૃઢ કરાવવાનો અનેરો આગ્રહ

એકાંતિક ધર્મ દૃઢ કરાવવા માટે સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ તથા ગુણાતીત ગુરુપરંપરાના તમામ ગુરુવર્યોનો અનેરો ઉત્સાહ અને આગ્રહ જોવા મળે છે. જ્યારથી તેઓશ્રીનાં પુનિત પદારવિંદ આ ધન્ય ધરા પર અંકિત થયાં છે ત્યારથી આજદિન પર્યંત તેઓ અવિરત એકાંતિક ધર્મને પુષ્ટ કરી રહ્યા છે, પ્રસ્થાપિત કરી રહ્યા છે. એમના અવતરણનું આ મુખ્ય અભિયાન જાણે ન હોય!

એકાંતિક ધર્મનાં ચાર અંગ – ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ છે. પ્રત્યેક અંગને દૃઢ કરાવવા માટે કેવો પુરુષાર્થ અને આગ્રહ કરેલો છે તેની સંક્ષેપમાં વાત જાણીએ.

૧૦.૧ ધર્મ દૃઢ કરાવવાનો આગ્રહ

જ્યારે ભગવાન કે એમના અખંડ ધારક સંત આ ધન્ય ધરણી પર અવતરે છે ત્યારે હંમેશાં ધર્મનું જતન કરાવે છે.

કારિયાણી ગામમાં સુવાસિની ભાભી શ્રીહરિને સૌપ્રથમ વાર મળવા આવ્યાં. શ્રીહરિ પ્રત્યે એમને અત્યંત હેત અને આદરભાવ હતાં. તેથી તેઓ ભેટવા દોડ્યાં. પરંતુ મર્યાદા પુરુષોત્તમ શ્રીહરિ બે ડગલાં પાછા ખસી ગયા અને કહે: 'ભાભી! તમે જે સુખ લીધું છે, તે હૈયામાં સંભારી રાખજો. અમે બાંધેલી ધર્મમર્યાદામાં અમારે રહેવું જોઈએ. તમારો પ્રેમ પાર્થિવ નથી, દિવ્ય

છે. પણ ધર્મ સંસ્થાપન કરવા અમે પ્રગટ્યા છીએ. એ મર્યાદાના પાલનથી જ દેહભાવ ટળી દિવ્યભાવ પ્રગટશે.'

ભાભીએ દૂરથી જ શ્રીહરિને પ્રેમથી પંચાંગ પ્રણામ કર્યા.

શ્રીહરિ ધર્મમર્યાદાના કેટલા આગ્રહી છે તેનો આ મૂર્તિમાન પ્રસંગ!

તેથી જ શ્રીહરિ વચનામૃત જેતલપુર પ્રકરણ ૪માં કહે છે: "મારી બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વ પ્રકારે પાળવી."

વળી, વચનામૃત સારંગપુર પ્રકરણ ૯માં કહે છે: "ગમે તેવો આપત્કાળ પડે અથવા અમે આજ્ઞા કરીએ તો પણ તમારે પોતાના ધર્મમાંથી ચળવું નહીં."

સં. ૧૯૮૬, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ નવાગામ પધાર્યા. તે જ વખતે ગાંધીજીની ઐતિહાસિક દાંડીકૂચ નવાગામ પહોંચી. 'સ્વામીશ્રી નવાગામમાં બિરાજે છે' તે સાંભળી, ગાંધીજીએ તેમને મળવાની ઇચ્છા બતાવી. એટલે સ્વામીશ્રી જોગી મહારાજ તથા નિર્ગુણદાસ સ્વામી અને બે હરિભક્તને સાથે લઈને ગાંધીજીના વિશ્રામ સ્થાને મળવા પધાર્યા. ગાંધીજીએ કહ્યું: 'સ્વામીજી! આપ આશીર્વાદ આપો તો અમારું કાર્ય સફળ થાય.'

એટલે સ્વામીશ્રીએ કહ્યું: 'તમારા પ્રયાસથી દેશને સ્વરાજ્ય મળે તે માટે અમારા આ જોગી મહારાજ આજથી ૨૫ માળા ફેરવશે, પરંતુ ધર્મ-નિયમ રાખશો તો તમારી ભેળા ભગવાન ભળશે.'

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને ધર્મ પળાવવાનો આટલો દૃઢ આગ્રહ! ધર્મને છોડીને કોઈ પણ પ્રવૃત્તિ ન કરવી એવો એમનો દૃઢ નિર્ધાર.

૧૦.૨ જ્ઞાન દૃઢ કરાવવાનો આગ્રહ

જ્ઞાન એટલે આત્મા પરમાત્માના સ્વરૂપ સંબંધી જ્ઞાન. લૌકિક જ્ઞાન દૃઢ કરાવવાની વાત નથી. શ્રીહરિએ તથા ગુણાતીત ગુરુપરંપરાએ અલૌકિક જ્ઞાન દૃઢ થાય, એ વાતનો અતિશય આગ્રહ રાખેલો છે. એના માટે જ એમની વિશેષ પ્રવૃત્તિ રહી છે.

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં ચોવીસ કલાક કથા-વાર્તાનો અખાડો રાખ્યો હતો ને વારે વારે કહેતા: "મહારાજનો એ જ મત જે, જ્ઞાની થાવું, બાકી બીજું તો થાય છે ને થાશે પણ એ કરવાનું અવશ્ય છે,

ને કોઈ રીતે કોઈ પદાર્થે આ જીવનું પૂરું થાય નહીં, ને જ્ઞાન થાય તો કંઈ અધૂરું જ ન રહે. (સ્વામીની વાતો: ૨/૮૧)

એક વાર અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી લોધિકા પધાર્યા. દરબાર અભેસિંહજી ગુણાતીતાનંદ સ્વામી અને સંતો માટે સીધું-સામાન મોકલી પોતે ધ્યાનમાં બેસે. ત્રણ દિવસ એ પ્રમાણે ચાલ્યું. ચોથા દિવસે ગુણાતીતાનંદ સ્વામી અકળાયા ને બોલ્યા: 'અમે તમારા મોતૈયા ખાવા નથી આવ્યા, વાતો કરવા આવ્યા છીએ, જ્ઞાન આપવા આવ્યા છીએ. તમારા ધ્યાન કરતાં અમારું જ્ઞાન કોટિગણું અધિક છે. જન્મસિદ્ધ વૈરાગી શુકદેવજી પણ ધ્યાનમાંથી જાગી ભાગવત ભણ્યા. જ્ઞાન વિના ધ્યાન નહીં ટકે.'

આવો મીઠો આગ્રહ જ્ઞાન આપવાનો ગુણાતીતાનંદ સ્વામીને હતો.

એક વાર બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ મુંબઈમાં વી.જે.ટી.આઇ. કૉલેજની હૉસ્ટેલમાં રણછોડભાઈ પટેલ(પૂજ્ય કોઠારી ભક્તિપ્રિય સ્વામી) અને નારણભાઈ પટણી(પૂજ્ય વિવેકસાગર સ્વામી)ની રૂમમાં પધાર્યા. સ્વામીશ્રી કૉલેજનાં બિલ્ડિંગો જોઈ કહે: 'આમાં શું ભણાવે છે?'

નારણભાઈ કહે: 'આ કેમિકલ લેબોરટરી, આ મિકેનિકલ વર્કશોપ, આ ઈલેક્ટ્રિકલ વર્કશોપ.'

સ્વામીશ્રી કહે: 'આમાં બ્રહ્મવિદ્યા ભણાવે?'

નારણભાઈ કહે: 'ના બાપા!'

સ્વામીશ્રી કહે: 'તો પછી આવી કૉલેજમાં શું ભણવું?'

એમ સ્વામીશ્રીએ મુમુક્ષુ યુવાનોને અલૌકિક જ્ઞાનનો મહિમા સમજાવ્યો અને અધ્યાત્મજ્ઞાનની ગરિમા બતાવી. કારણ, विद्यया विन्दतेऽमृतम्। (केनोपनिषद् २/४) – બ્રહ્મવિદ્યાથી મોક્ષ મળે છે. જ્યારે લૌકિક વિદ્યાથી સંસૃતિ – જન્મમરણના ચક્રમાં વારે વારે ફરવું પડે છે. તેથી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે બંને નવયુવાનને મીઠી પ્રેમસભર ટકોર કરી.

એક વાર સન ૧૯૭૦માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ મોમ્બાસામાં વિરાજમાન હતા. સહસા સાથે ફરતા નવ યુવાનોને કહે: 'તમે બધા સાધુ થાવ તો ભગવાનનો સાક્ષાત્કાર થાય. જો સંસારમાં રહો તો છપ્પનના પાટા પડે. સાધુ થવાનો સંકલ્પ મોળો પડવા ન દેવો, થવું જ છે. તમે ભણ્યા છો પણ બ્રહ્મવિદ્યા ભણવી. આ વિદ્યા રહેવાની નથી. ઇંગ્લિશ, ઉર્દૂ, ફ્રેન્ચ, પારસી,

મરાઠી બધી નાશ પામશે, બ્રહ્મવિદ્યા ભેગી આવવાની.'

લૌકિક વિદ્યા મેળવવામાં મશગૂલ વિદ્યાર્થીઓને કેવા અદ્ભુત અધ્યાત્મ-જ્ઞાનના પાઠ ભણાવે છે ! કેવો એમનો અનેરો આગ્રહ જણાય છે !

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી પણ આ વાતને પુષ્ટ કરે છે :

'વિદ્યાઓ તો ઘણી છે પણ ભણવા જેવી તો બ્રહ્મવિદ્યા છે.' (સ્વામીની વાતો, ૨/૩૮). ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે અમે ૨૦૦ જણને બ્રહ્મવિદ્યા ભણાવી છે, તે બીજાને ભણાવશે.

બ્રહ્મવિદ્યા અર્થાત્ જીવાદિ પાંચ તત્ત્વ સંબંધી અધ્યાત્મ જ્ઞાન.

૧૦.૩ વૈરાગ્ય દૃઢ કરાવવાનો આગ્રહ

કુમળી વયે સંસારનો પરિત્યાગ કરી ભારતવર્ષનાં પવિત્ર તીર્થોની અડવાણે પગે પદયાત્રા કરતા નીલકંઠવર્ણીને ગાઢ જંગલમાં મોહનદાસ નામે સાધુ મળ્યા. તેઓ એકલા હતા તેથી વર્ણીની સાથે જવા તૈયાર થયા. નીલકંઠવર્ણીની પાસે એક કઠારી હતી. મોહનદાસનું ચંચળ મન કઠારીમાં રહેતું. ચાલતાં ચાલતાં રસ્તામાં વચ્ચે એક નદી આવી. નદીના પથ્થર શેવાળથી ચીકણા હતા. તેને પાર કરતાં વર્ણીને આ સાધુ કહે : 'વર્ણી ! સાચવીને પગ મૂકજો. પથ્થર ચીકણા છે. લપસશો તો પડશો અને આ કઠારી તૂટી જશે.'

નીલકંઠવર્ણીએ નદી પાર કરીને કઠારી તોડી નાખી.

સાધુ કહે : 'અરે, અરે, નીલકંઠ ! આ તમે શું કર્યું ? આવી સુંદર કઠારી તોડી નાંખી ?'

નીલકંઠવર્ણી કહે : 'કઠારીને જ તમે જોતા હતા. અમારા સામું દૃષ્ટિ રાખતા ન હતા. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાને બદલે આ લોકના પદાર્થમાં આવો મોહ રાખશો તો આ લોકમાંથી છૂટશો ક્યારે ?'

આવા તુચ્છ, સામાન્ય, લૌકિક પદાર્થમાં પ્રીતિ રહે એ નીલકંઠવર્ણીને હરગિજ માન્ય નથી. કેવો વૈરાગ્ય દૃઢ કરાવવાનો ઈશક !

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી એક વાર આણંદથી નીકળતી વખતે આચાર્ય રઘુવીરજી મહારાજની સાથે સિગરામ(ગાડું)માં બેઠા હતા. સ્વામીને જોઈ આચાર્ય રઘુવીરજી મહારાજે પ્રસાદીનો પેંડો આપ્યો. ત્યારે અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી કહે : 'પાંચસો પરમહંસ ગળું ઝાલીને ઊભા છે ને કહે

છે, ખાઈશ નહીં, ઝેર છે.'

ત્યારે આચાર્ય રઘુવીરજી મહારાજ કહે: 'સ્વામી! આપ આમ વર્તો છો તો અમારા શા હાલ થશે? અમારી ગ્રંથિઓ તો હજુ ગળી નથી. વિષયનો બહારથી ત્યાગ છે, પરંતુ અંતરમાં ઊંડે ઊંડે ઇચ્છા રહ્યા કરે છે તો શું થશે?'

ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું: 'આચાર્ય મહારાજ! જૂનાગઢ તીર્થવાસી થઈ પધારો તો આપની ગ્રંથિઓ ગાળી દઈએ.'

આચાર્ય મહારાજ પણ કોઈ સાજ કે સાધનો લીધાં વિના જૂનાગઢ ગયા અને સ્વામીનો સમાગમ કરી ગ્રંથિઓ ગાળી. આવા મોટાને પણ ગુણાતીતાનંદ સ્વામીએ રાગ તોડાવી વૈરાગ્ય દૃઢ કરાવ્યો.

તેથી જ વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું:

'તીવ્ર વૈરાગ્ય તો તો ઊપજે, જો કૃપા કરે જગદીશ,
કાં તો તેના જન મળે, વૈરાગ્યવાન મુનીશ.'

(નિષ્કુળાનંદ કાવ્ય, સારસિદ્ધિ: ૧૭-૩)

ભગવાન કે ગુણાતીત સંત વિના અન્ય વૈરાગ્ય દૃઢ ન કરાવી શકે. એમની કૃપાથી વિષય ત્યાગ થઈ શકે અને જીવનમાં વૈરાગ્ય દૃઢ થાય. મુક્તાનંદ સ્વામીએ 'મુક્તાનંદ કાવ્ય'માં આ વાત પ્રસ્તુત કરી છે:

हरिकृपा तब जानिये, जब उपजत वैराग,
मुक्त कहे तेहि होत है, सहज विषयसुख त्याग।

૧૦.૪ ભક્તિ દૃઢ કરાવવાનો આગ્રહ

શ્રીહરિ તથા ગુરુપરંપરાના તમામ ગુરુવર્યોના જીવનમાં દૃષ્ટિપાત કરીએ તો જણાશે કે તેમને ભક્તિ દૃઢ કરાવવાનો અતિ આગ્રહ છે.

શ્રીહરિ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૯માં કહે છે: ''જે શુકજી જેવા બ્રહ્મસ્થિતિને પામ્યા હોય તેને પણ એ શ્રીકૃષ્ણ પરબ્રહ્મની ઉપાસના-ભક્તિ કરવી.''

શુકદેવજી તો જન્મસિદ્ધ યોગી હતા. ભગવાનના મહાન ભક્ત હતા. છતાં પણ શ્રીહરિ એમના માટે ભક્તિની આવશ્યકતા બતાવે છે, તો અન્યને તો કરવાની હોય જ!

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ તો ત્યાં સુધી આગ્રહ રાખ્યો કે

'ઘર વેચીને ભગવાન ભજવા, કારણ કે દેહ મૂકીને પછી ઘરમાં કોણ રહેનારું છે ?' (સ્વામીની વાતો: ૫/૨૪૪)

વળી, કહે છે: 'આ લીધું ને આ લેવું છે, આ દીધું ને આ દેવું છે, આ કર્યું ને આ કરવું છે, આ ખાધું ને આ ખાવું છે, આ જોયું ને આ જોવું છે, એ આદિક અનેક વાતું ખૂટે તેમ નથી. માટે એમાંથી નિવૃત્તિ પામીને પરમેશ્વરને ભજી લેવા.' (સ્વામીની વાતો: ૫/૪૦૫)

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૨માં કહે છે: 'સંસારમાંથી નિ:સ્પૃહ થઈને... ભગવાનનું ભજન કર્યા કરવું.'

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી કહે છે: 'ઉપરથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરવું, તે કંઠમાં કરવું, હૃદયમાં કરવું, ને જીવમાં કરવું; જ્યાં થાય ત્યાં કરવું ને જોતે જોતે ભગવાન સામું જોઈ રહેવું.' (સ્વામીની વાતો: ૬/૯૭)

વળી કહે: 'ભજન કરવું તે રાતમાં ઊઠી ઊઠીને મંડે ત્યારે સાચું.' (સ્વામીની વાતો: ૬/૧૧૪)

ગોંડલની નજીક ઘોઘાવદર ગામના પાદરે શંકર ભગવાનનું દેરું છે. એક વાર મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી થોડા સંતો અને હરિભક્તો સાથે ત્યાં પધાર્યા હતા. દેરામાં સ્વામીની આજ્ઞાથી એક હરિજને ચાર-પાંચ વચનામૃત વાંચ્યાં, તે વચનામૃતનાં નામ, પ્રથમનું ત્રેવીસ ને મધ્યનું ત્રીસ ને પિસ્તાલીસ ને અમદાવાદનું બીજું ને ત્રીજું. ત્યારે સ્વામી બેઠા થઈને બોલ્યા જે, 'આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નહોતાં.' એમ કહીને બોલ્યા જે, 'ફરીથી વાંચો.' ત્યારે ફરીથી વાંચ્યાં. ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ વચનામૃત સાંભળતાં એમ જણાણું જે, કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય, કે ભગવાનનો પુત્ર હોય, કે ઈશ્વર હોય, કે નાના-મોટા ભગવાન હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી, કેમ જે, એ પણ મહારાજનો મત છે. તે ઉપર મહારાજના કહેલા શ્લોક બોલ્યા જે,

निजात्मानं ब्रह्मरूपं देहत्रय-विलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥

(શિક્ષાપત્રી: ૧૧૬)

(**અર્થ:** સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વકાળને વિષે કરવી.)

બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ ।
સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્ ॥

(શ્રીમદ્ભગવતગીતા ૧૮/૫૪)

(**અર્થ:** બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલો તે પ્રસન્નચિત્ત મનુષ્ય કશાનો શોક કરતો નથી કે કશાની આકાંક્ષા કરતો નથી અને સર્વ ભૂતોમાં સમભાવથી રહેતો થકો મારી પરમ ભક્તિને પામે છે.)

પરિનિષ્ઠિતોઽપિ નૈર્ગુણ્યે ઉત્તમશ્લોકલીલયા ।
ગૃહીતચેતા રાજર્ષે આખ્યાનં યદધીતવાન્ ॥

(શ્રીમદ્ભાગવત: ૨/૧/૯)

(**અર્થ:** શુકદેવજી પરીક્ષિતને કહે છે: 'જો કે હું નિર્ગુણ બ્રહ્મમાં સ્થિતિ કરું છું, છતાં હે રાજર્ષિ! ઉત્તમ કીર્તિવાળા શ્રી ભગવાનની લીલા વડે મારું મન આકર્ષાય છે અને તેથી જ આ ભાગવત આખ્યાન હું ભણ્યો છું.')

આત્મારામાશ્ચ મુનયો નિર્ગ્રન્થા અપ્યુરુક્રમે ।
કુર્વન્ત્યહૈતુકીં ભક્તિમિત્થંભૂતગુણો હરિઃ ॥

(શ્રીમદ્ભાગવત: ૧/૭/૧૦)

(**અર્થ:** સૂત પુરાણી શૌનકને કહે છે: 'મુનિઓ જો કે આત્મામાં જ આનંદ પામનારા હોય છે અને એમની અહંકારરૂપ ગાંઠ છૂટી ગઈ છે; છતાં તેઓ ભગવાનને વિષે નિષ્કામ ભક્તિ તો કરે જ છે; કેમ કે શ્રીહરિ તેવા અલૌકિક ગુણોથી યુક્ત છે.)

એવા એવા ઘણાક શ્લોક બોલીને કહ્યું જે, 'આવો થાય ત્યારે તેના હૃદયમાં ભગવાન નિવાસ કરીને રહે છે.' (સ્વામીની વાતો: ૩/૧૩)

તા. ૨૪-૧૧-૨૦૦૫ના રોજ દિલ્હીમાં અમેરિકાથી ડૉ. સુબ્રમણ્યમ્ અક્ષરધામનાં દર્શન કરવા તથા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ લેવા આવ્યા હતા. સ્વામીશ્રીને હાર પહેરાવી તેઓ કહે: 'આપનું અક્ષરધામનું સ્વપ્ન સાકાર થયું. તેથી મને બહુ આનંદ થયો છે, પણ હવે તમારો નવો પ્રોજેક્ટ કયો છે?' (What is your next project?)

તરત જ સ્વામીશ્રી કહે: 'સત્સંગ કરાવવો, ભજન કરવું-કરાવવું એ પ્રોજેક્ટ ચાલુ જ છે અને કરીએ છીએ. સાથે સાથે મંદિરો પણ થતાં જાય છે.'

ભજન કરવું અને કરાવવું – એ એમની મુખ્ય પ્રવૃત્તિ છે.

૧૯૯૧માં એક વાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પ્લેનમાં મુસાફરી કરવાના હતા. તેમાં ન્યૂયોર્કથી કેનેડા જતું પ્લેન મોડું થયું હતું. સંતોએ પરમ પૂજ્ય સ્વામીશ્રીને પૂછ્યું: 'રસોઈ માટે ટ્રાય કરીએ?'

સ્વામીશ્રીએ કહ્યું: 'દેહની શું ટ્રાય કરવાની, ભજનની ટ્રાય કરોને!'

પરમ પૂજ્ય સ્વામીશ્રીના જીવનમાં શરીરના સુખની ગૌણતા કરીને પણ ભજન કરાવવાનું તાન જોવા મળે છે.

૧૧

તમામ સાધનાનો સાર - એકાંતિક ધર્મ

પરમ કૃપાળુ પરમાત્માને મેળવવા મુમુક્ષુ અનેક પ્રકારની સાધના કરે છે. જેમ કે, પવિત્ર તીર્થોની યાત્રા, વિવિધ દેવ-દેવતાની પૂજા, શરીરને કષ્ટદાયક દંડવત-યાત્રા, ગબડયાત્રા, અનેક પ્રકારના યજ્ઞો, અનેકવિધ તહેવારોએ થતાં વ્રતો, ઉપવાસો, પવિત્ર પર્વતો કે નદીઓની થતી પરિક્રમા, અખંડ જાપ, પંચાગ્નિ તાપ, અનેકવિધ દેવી-દેવતાની માનતાઓ, બાધાઓ, પ્રદક્ષિણા, વહાલી વસ્તુનું દાન તથા શારીરિક કષ્ટપ્રદ સેવાઓ વગેરે.

આ ઉપરાંત, અનેક પ્રકારની વ્યક્ત-અવ્યક્ત તમામ સાધનાનો સાર એકાંતિક ધર્મ છે.

એકાંતિક ધર્મ જીવનમાં આવે તો તમામ સાધના એમાં આવી જાય. અન્ય સાધનાઓ કરવી યદ્યપિ કઠિન છે તથાપિ એકાંતિક ધર્મની દૃષ્ટિએ સુલભ છે, થોડા પુરુષાર્થથી એને કરી શકાય તેમ છે; પરંતુ એકાંતિક ધર્મ જીવનમાં લાવવો અતિ કઠિન છે, દુર્લભ છે. એકાંતિક ધર્મ જીવનમાં આવી જાય તો તમામ સાધનાનો એમાં સમાવેશ થઈ જાય. તેથી શ્રીહરિ વચનામૃત લોયા પ્રકરણ ૬માં કહે છે: ''સત્સંગ થયા પછી દુર્લભમાં દુર્લભ તે શું સાધન માન્યું છે?'' પછી એ પ્રશ્નનો ઉત્તર પરમહંસ વતે ન થયો, ત્યારે શ્રીહરિએ કર્યો જે, ''એકાંતિકપણું એમાં આવે એ અતિશય દુર્લભ છે. તે એકાંતિકપણું તે શું? તો ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે યુક્ત જે ભગવાનની ભક્તિ કરવી તેને એકાંતિકપણું કહીએ.''

વળી, આ વાતને અક્ષરામૃતમ્ (૯/૭૭) ગ્રંથમાં દઢાવવામાં આવી છે. 'એકાંતિક ધર્મ કઠણ છે, તે શું જે, જીવતા મરવું ને વહાલા હોય તે સાથે જ વેર કરવું, એ તો મહાઅટપટી વાત છે.'

આમ, એકાંતિક ધર્મ અતિ દુર્લભ અને અતિ કઠિન છે. તેમાં તમામ સાધનાનો સમન્વય આવી જાય છે. જેમ વૃક્ષનાં મૂળને પાણી પાવાથી તમામ શાખા-પ્રશાખા, ફળ-ફૂલ-પાન વગેરેનું પોષણ થઈ જાય છે; તેમ એકાંતિક ધર્મમાં તમામ સાધના આવી જાય છે.

બોટાદમાં શ્રીહરિ આ વાત કરતાં કહે છે: 'જેમ વૃક્ષનું પોષણ તેના મૂળમાં રહેલું છે. મૂળ પોષે તો ફલ-ફૂલ હાથ લાગે છે. તેમ એકાંતિક ધર્મ એ સત્સંગનું મૂળ છે, એને દઢ કરશો તો અનંત ગુણો પ્રાપ્ત થશે.' (પુરુષોત્તમ બોલ્યા પ્રીતે, પૃ. ૧૧૦)

૧૨

એકાંતિક ધર્મ : શ્રીહરિ અને ગુરુપરંપરાનો જીવનમંત્ર

ભક્તના જીવનમાં એકાંતિક ધર્મ સિદ્ધ થાય એના માટે જ શ્રીહરિ અને ગુરુવર્યોનો પરમ પુરુષાર્થ રહ્યો છે. અનેકવિધ સામાજિક, નૈતિક તથા આધ્યાત્મિક કાર્યો વચ્ચે આ જીવનમંત્રને તેઓ ભૂલ્યા નથી.

શ્રીહરિ આ જીવનમંત્ર સમજાવતાં કહે છે :

धर्मस्त्याज्यो न कैश्चित् स्वनिगमविहितो वासुदेवे च भक्ति
र्दिव्याकारे विधेया सितघनमहसि ब्रह्मणैक्यं निजस्य।
निश्चित्यैवान्यवस्तुन्यणुमपि च रतिं संपरित्यज्य संत-
स्तन्माहात्म्याय सेव्या इति वदति निजान् धार्मिको नीलकण्ठः॥

સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી કહેતા : 'આ શ્લોક સમગ્ર સત્સંગિજીવનના સારરૂપ છે.'

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અવારનવાર આ શ્લોક પર વાતો કરતા. એક વખત આ શ્લોક પર નિરૂપણ કરતાં તેમણે કહ્યું :

''સૌએ પોતપોતાના આશ્રમમાં રહી ધર્મ પાળવા. તે મહારાજનો પ્રથમ સિદ્ધાંત છે. અક્ષરધામનું સ્વરૂપ ઓળખી, તેમાં અખંડ બિરાજેલ પુરુષોત્તમ નારાયણને સદા સાકાર મૂર્તિ સમજી, તેમની ઉપાસનારૂપ ભક્તિ કરવી એનું નામ ભક્તિ ! વળી, શ્રીજીમહારાજે સ્વમુખે વચનામૃતમાં કહ્યું છે : 'નારદજી જેવો ગુણવાન હોય પણ જો ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે.'

ભક્તિની યથાર્થ વિક્તિ કરતાં મહારાજે સમજાવ્યું છે કે પોતાના

ઈષ્ટદેવનું માહાત્મ્ય યથાર્થ સમજી, તેમની બહુ જ પ્રેમપૂર્વક ઉપાસના કરવી. એવી રીતે ભક્તિ કરવી તે શ્રીજીમહારાજનો બીજો સિદ્ધાંત છે. પોતાના આત્માને બ્રહ્મરૂપ માની, ભગવાનની માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ કરવી, તે શ્રીજીમહારાજનો ત્રીજો સિદ્ધાંત છે. અહીંથી પ્રકૃતિપુરુષ સુધીના તમામ લોકમાં કશોય માલ નથી એમ માનવું, એ વૈરાગ્યનું રૂપ છે. તેવો વૈરાગ્ય કેળવવો, એ શ્રીજીમહારાજનો ચોથો સિદ્ધાંત છે. ઉપરની તમામ વાતોની પુષ્ટિ માટે સત્પુરુષને અખંડ સેવવા એ મહારાજનો પાંચમો સિદ્ધાંત છે. એ રીતે એકાંતિક સ્થિતિ પમાય છે. એ પામવાનો આવો યોગ મહારાજે આપ્યો છે; સત્પુરુષ ઓળખાયા છે.'' (બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ: ૨/૨૮૭)

સંવત ૧૯૪૫, ભાદરોડમાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે સંતોને અક્ષરધામમાં તેડી જવાનો કોલ આપ્યો. કેશવપ્રસાદજીએ પૂછ્યું: 'એકાંતિક ધર્મ સિદ્ધ ન થયો અને દેહનું આયુષ્ય આવી રહ્યું તો શું કરવું?'

ત્યારે ભગતજી મહારાજ કહે: 'બીજા બ્રહ્માંડમાં શ્રીજીમહારાજનો જન્મ હશે ત્યાં તેડી જઈશ અને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવીશ; પણ કોઈ રીતે કસર રહેવા દઈશ નહીં.' (બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત: પૃ. ૨૭૭)

વળી કહ્યું: 'આ જીવને સંપૂર્ણ ધર્મ આવે ત્યારે કામનું મૂળ જાય છે, સંપૂર્ણ જ્ઞાન આવે ત્યારે માન જાય છે અને સંપૂર્ણ વૈરાગ્ય આવે ત્યારે સ્નેહનો ફાંસલો કપાય છે અને મહિમાએ સહિત એકાંતિક ભક્તિ આવે ત્યારે સ્વાદ અને લોભમાંથી મન ઊખડે છે. માટે કોટિ કલ્પે પણ એકાંતિક ધર્મ સિદ્ધ કર્યા વિના દોષ ટળશે નહીં અને સુખ પણ આવશે નહીં અને રઝળી રઝળીને મરવું પડશે. માટે આવો અવસર ફરી ફરીને નહીં મળે. તે ચૂકવો નહીં. સર્વ મનસૂબા મૂકીને બ્રહ્મરૂપ થવું અને પ્રભુનું સુખ પામવામાં તત્પર થવું અને તેનાં જે જે સાધન શાસ્ત્રમાં કહ્યાં છે તે કરવાં.' (બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત: પૃ. ૨૮૫-૨૮૬)

સન ૧૯૫૮માં ગોંડલમાં સુરતના સંનિષ્ઠ હરિભક્ત હરિકૃષ્ણભાઈને ત્રણેય અવસ્થામાં અખંડ ભક્તિ કરનાર બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો નિદ્રા વખતે 'સ્વામિનારાયણ' મહામંત્રનો ગુંજારવ સંભળાયો. હરિકૃષ્ણભાઈએ સ્વામીશ્રીને આ વાત કરી. ત્યારે સ્વામીશ્રી સહજપણે મર્મમાં હસતાં બોલ્યા: 'તમને સર્વે યુવકોને આવી એકાંતિક સ્થિતિ પમાડવી છે. તે માટે આ દાખડો કરીએ છીએ અને તમને હેત કરીએ છીએ. (બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ: ૨/૩૬૫)

૧૩

એકાંતિક ધર્મનું ફળ - મુક્તિ

प्रयोजनेन विना मन्दोऽपि न प्रवर्तते।

પ્રયોજન વિના બુદ્ધિહીન માણસ પણ પ્રવૃત્તિ કરતો નથી; તો બુદ્ધિશાળી, ગુણિયલ માણસ તો પ્રવૃત્તિ કરે જ નહીં તે સમજી શકાય તેવું નગ્ન સત્ય છે.

માનવી કોઈ ને કોઈ ફળની અપેક્ષાથી જ કાર્ય કરે છે. અધ્યાત્મમાર્ગમાં તમામ સાધના ફળસાપેક્ષ છે, ફળ વિના કંઈ કરવામાં આવતું નથી.

જે સાધના દ્વારા શ્રેષ્ઠ ફળની પ્રાપ્તિ થાય તે સાધના ઉત્તમ છે. એકાંતિક ધર્મને જીવનમાં આત્મસાત્ કરવો કઠિનતમ સાધના છે. આ સાધનાથી આત્યંતિક મુક્તિરૂપી મહામૂલ્યવાન પરમ ફળની પ્રાપ્તિ થાય છે.


જેના માટે તપમાં રમમાણ રહેતા ઋષિઓ, મનનશીલ મુનિઓ, સત્ત્વગુણ સંપન્ન સાધુઓ, સંસારનો ત્યાગ કરી સત્‌ની શોધમાં ફરતા સંન્યાસીઓ, કઠિન સાધનાથી જે પામી નથી શક્યા તે એકાંતિક ધર્મ દ્વારા સહજતાથી મેળવી શકાય છે. તે છે – મુક્તિરૂપી મૂલ્યવાન ફળ. જેની વાત, શ્રીહરિએ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૮માં કહી છે:

“એકાંતિક ભક્ત જ્યારે દેહ મૂકે ત્યારે તેનો શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રવેશ થાય છે. અને જે એકાંતિક ન હોય તેનો તો બ્રહ્માદિકમાં પ્રવેશ થાય છે... તે પ્રવેશ તે એમ સમજવો જે, જેમ અતિશય લોભી હોય તેનો ધનમાં પ્રવેશ થાય છે, ને જેમ અતિ કામી હોય તેનો મનગમતી સ્ત્રીમાં પ્રવેશ થાય છે, ને જેમ ઘણીક દોલતવાળો હોય ને તે વાંઝિયો હોય ને તેને દીકરો આવે

તો તેનો દીકરામાં પ્રવેશ થાય છે, તેમ એવી રીતે જેનો જીવ જે સંગાથે બંધાયો હોય તેને વિષે તેનો પ્રવેશ જાણવો; પણ જેમ જળમાં જળ મળી જાય છે અને અગ્નિમાં અગ્નિ મળી જાય છે તેમ પ્રવેશ નથી થતો. એ તો જેનો જેને વિષે પ્રવેશ હોય તેને પોતાના ઈષ્ટદેવ વિના બીજા કોઈ પદાર્થને વિષે હેત ઊપજે નહીં ને એક તેની જ રટના લાગી રહે ને તે વિના જીવે તે મહાદુઃખના દિવસ ભોગવીને જીવે પણ સુખ ન થાય.''

એકાંતિક ભક્ત આવી રીતે એક ભગવાનની મૂર્તિ સિવાય અન્ય કોઈ સ્થાન, વ્યક્તિ કે પદાર્થમાં આસક્ત ન થાય. આવી સ્થિતિવાળો એકાંતિક ભક્ત આત્યંતિક મુક્તિને પ્રાપ્ત કરે. આ જ એકાંતિક ધર્મનું પરમ અને ચરમ ફળ છે.

ઐસે મેરે જન એકાંતિક, તેહિ સમ ઔર ન કોઈ;
મુક્તાનંદ કહત યૂં મોહન, મેરો હી સર્વસ્વ સોઈ...




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019

વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્‌ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઊતારીએ...

સ્વામિનારાયણ
BAPS

Vachanamrutma
Ekantik Dharma USD 0.50
15863
BG363
ISBN: 978-81-7526-946-0